P.07

દીપિકા અને અલ્લુ અર્જુન નવેમ્બરથી સાથે શૂટિંગ કરશે



ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

લાપત્તા લેડીઝની નિતાંશીને સની દેઓલ સાથે ફિલ્મ મળી



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 21 • Dt.23-08-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


યુદ્ધની તૈયારીમાં 'શાંતિદૂત' ટ્રમ્પ ? અમેરિકાએ ૩ યુદ્ધ જહાજ, ૪૦૦૦ સૈનિકો વેનેઝુએલા રવાના કર્યા



07

23
AUGUST- 2025
SATURDAY



07

રશિયાનો ૫૭૪ ડ્રોન । ૪૦ મિસાઇલથી યુક્રેન ઉપર હુમલો

**ગત વર્ષ કરતાં કેસમાં ચિંતાજનક વધારો**

ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના કેસમાં દિવસેને દિવસે સતત વધારો જોવા મળી રહ્યો છે । આ વર્ષે જ ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના ૬૦ હજાર કેસ નોંધાઈ ચૂક્યા । જેમાંથી સૌથી વધુ ૧૭૧૭૪ કેસ માત્ર અમદાવાદમાંથી સામે આવ્યા । ગુજરાતમાં ગયા વર્ષની સરખામણીએ હૃદયની સમસ્યા ધરાવતા દર્દીઓમાં ૧૮% જેટલો વધારો થયો

# ગુજરાતમાં પ્રતિ કલાકે સરેરાશ ૧૦ વ્યક્તિ હૃદયની બીમારીનો શિકાર

**હાલની સ્થિતિએ સમગ્ર રાજ્યમાંથી પ્રતિદિવસે સરેરાશ ૨૬૨ જ્યારે પ્રતિ કલાકે ૧૦ વ્યક્તિને ઈમરજન્સી સેવા '૧૦૮'દ્વારા હૃદયની સમસ્યાને કારણે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવા પડ્યા**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના કેસમાં દિવસેને દિવસે સતત વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે જ ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના ૬૦ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી સૌથી વધુ ૧૭૧૭૪ કેસ માત્ર અમદાવાદમાંથી સામે આવ્યા છે. ગુજરાતમાં ગયા વર્ષની સરખામણીએ હૃદયની સમસ્યા ધરાવતા દર્દીઓમાં ૧૮% જેટલો વધારો થયો છે, જેના ૫ ૨થી જ ચિંતાજનક સ્થિતિનો તાગ મેળવી શકાય છે.ગુજરાતમાં આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૧૮ ઓગસ્ટ સુધી હૃદય સંબધિત સમસ્યાના ૫૯,૯૩૧ કેસ સામે આવ્યા છે. ગયા વર્ષે આ સમયગાળામાં હૃદય સંબંધિત સમસ્યાના ૫૧,૪૫૩ કેસ નોંધાયા હતા. હાલની સ્થિતિએ સમગ્ર રાજ્યમાંથી પ્રતિદિવસે સરેરાશ ૨૬૨ જ્યારે પ્રતિ કલાકે ૧૦ વ્યક્તિને ઈમરજન્સી સેવા '૧૦૮'દ્વારા હૃદયની સમસ્યાને કારણે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવા પડ્યા છે. ગયા વર્ષે અમદાવાદમાં આ સમયગાળામાં હૃદયની સમસ્યાના ૧૫,૨૪૭ કેસ નોંધાયા હતા, જે આ વખતે વધીને ૧૭,૧૭૪ થઈ ગયા છે. આમ, અમદાવાદમાં હાલ પ્રતિ કલાકે સરેરાશ ૭૫ વ્યક્તિને હૃદયની સમસ્યાને કારણે '૧૦૮'ની મદદ લેવી પડે છે. અમદાવાદની અસારવા સિવિલના પરિસરમાં આવેલી હૃદયની હોસ્પિટલની ઓપીડીમાં ૨,૩૨,૯૫૯ જ્યારે આઈપીડીમાં ૩૧,૧૯૧ દર્દી અત્યારસુધી નોંધાઈ ચૂક્યા છે.



**ગયા વર્ષે આ સમયગાળામાં હૃદય સંબંધિત સમસ્યાના ૫૧,૪૫૩ કેસ નોંધાયા હતા**

જેની સરખામણીએ ગત સમગ્ર વર્ષ દરમિયાન ઓપીડીમાં ૩,૬૩,૩૧૫ જ્યારે આઈપીડીમાં ૫૦,૦૭૭ દર્દી નોંધાયા હતા. જાન્યુઆરીથી ઓગસ્ટ સુધી સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા જિલ્લામાં સુરત ૪૯૫૭ સાથે બીજા, રાજકોટ ૩૭૫૨ સાથે ત્રીજા, ભાવનગર ૩૧૪૪ સાથે ચોથા અને વડોદરા ૩૧૫૮ સાથે પાંચમાં સ્થાને છે. સૌથી ઓછા ૩૬૭ કેસ ડાંગમાંથી નોંધાયા છે. ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના કેસમાં દિવસેને દિવસે સતત વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે જ ગુજરાતમાં હૃદય સંબધિત સમસ્યાના ૬૦ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે

**અમદાવાદ શહેરની એક સેશન્સ કોર્ટે**

# ૨૯ વર્ષ પછી પૂર્વ મંત્રી આત્મારામ પટેલની ધોતી ખેંચવાના કેસમાં આરોપી અને તત્કાલીન ભાજપ સાંસદને નિર્દોષ જાહેર

**ભારે પવન અને કરંટને કારણે દરિયામાં ઊંચા મોજા ઉછળી રહ્યા છે, જેના પરિણામે જાનહાનિનો ખતરો વધ્યો**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૨ ।

૨૯ વર્ષ પછી, શહેરની એક સેશન્સ કોર્ટે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી એ.કે. સામેનો ફોજદારી કેસ બંધ કર્યો. સરદાર પટેલ સ્ટેડિયમમાં ભાજપના કાર્યક્રમ દરમિયાન ગુજરાતના તત્કાલીન મંત્રી આત્મારામ પટેલની ધોતી ખેંચવાના કેસમાં ગુજરાત ભાજપના પહેલા બે લોકસભા સભ્યોમાંના એક પટેલ.અહેવાલ મુજબ, સુનાવણી દરમિયાન પીડિત અને એક આરોપ ીનું મૃત્યુ થયું હોવાથી સરકારી વકીલે કેસ બંધ કરવાની અપીલ કરી હતી. આ કેસમાં ભાજપના અન્ય નેતા મંગળદાસ પટેલ પણ આરોપી હતા. તેમનું અવસાન થયું છે. તે જ સમયે, પીડિત આત્મારામ પ ટેલનું પણ અવસાન થયું છે.આ કેસ નારણપુરા પ ોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળ નોંધવામાં આવ્યો હતો. તેમના પર ૧૯૯૬માં મંત્રી પર હુમલો કરવાનો અને તેમની ધોતી ખેંચવાનો આરોપ હતો. મંગળદાસ હવે આ દુનિયામાં નથી. તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પ ટેલ સાથેના મતભેદ દરમિયાન આરોપીએ શંકરસિંહ વાઘેલાને ટેકો આપ્યો હતો. ભાજપના વરિષ્ઠ નેતા અટલ બિહારી વાજપેયી દ્વારા સભાને સંબોધિત કર્યા પછી તરત જ આ ઘટના બની હતી.સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે ૯૫ વર્ષીય ભૂતપૂર્વ સાંસદ સામે કેસ પાછો ખેંચવા માટે સીપીસીની કલમ ૩૨૧ હેઠળ અરજી દાખલ કરી હતી. સહ-આરોપી મંગળદાસ પટેલ અને સાક્ષી (પીડિત) આત્મારામ પટેલનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

### નવી મુશ્કેલી અને હાશકારો

## અમરેલી : જાફરાબાદના તોફાની દરિયામાં ૧૧ માછીમારો ૪ દિવસથી લાપતા

### અન્ય બે બોટના ૯ ખલાસીનું રેસ્ક્યૂ છેલ્લા ત્રણ દિવસથી અમરેલી જિલ્લામાં દરિયો તોફાની બન્યો

| પ્રતિનિધિ, અમરેલી, તા.૨૨ |

અમરેલી જિલ્લામાં દરિયો તોફાની બન્યો છે. જેના કારણે માછીમારો અને ફિશિંગ બોટો પર ભારે જોખમ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં ૩ દિવસ પહેલાં ૩ ફિશિંગ બોટ ડૂબી જવાથી ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે, જેમને શોધવા માટે કોસ્ટગાર્ડની ટીમ સતત કામ કરી રહી છે.લાપતા થયેલા ૧૧ માછીમારોની શોધખોળ ચાલુ હતી તે દરમિયાન, શિયાળબેટની વધુ બે બોટ અને તેમા સવાર ૯ ખલાસીઓ સાથેનો સંપર્ક તૂટી જતાં નવી ચિંતા ઊભી થઈ હતી. આ બે બોટના નામ 'ધનવંતી' અને 'લક્ષ્મીપ્રસાદ' હતા. જોકે, આ બોટ અને ખલાસીઓ હેમખેમ મળી આવતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો.

પહેલા 'ધનવંતી' બોટ અને તેના ખલાસીઓ મળી આવ્યા હતા અને તેમને પરત લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ 'લક્ષ્મીપ્રસાદ' બોટનો પણ સંપર્ક થઈ જતાં તેને પણ કિનારે લાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

જાફરાબાદના દરિયામાં ભારે કરંટ આવતા વહીવટી તંત્રએ તમામ માછીમારોને પરત ફરવાનો સંદેશ આપ્યો હતો. આ સંદેશ મળતા ૫૦૦થી વધુ બોટ દરિયામાંથી કિનારે પરત ફરી હતી. જોકે, આ દરમિયાન જાફરાબાદની ૨ અને રાજપરાની ૧ બોટ ડૂબી ગઈ હતી. આ ઘટનામાં ૧૭ માછીમારોને બચાવી લેવાયા હતા, પરંતુ ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે. આ લાપતા માછીમારોને શોધવા માટે છેલ્લા ૪૮ કલાકથી કોસ્ટગાર્ડના જહાજ અને હેલિકોપ્ટર દ્વારા સઘન શોધખોળ ચાલી રહી છે.



વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, જાફરાબાદ અને આસપાસના વિસ્તારની કુલ ૭૦૦થી વધુ બોટ છે, જેમાંથી મોટાભાગની બોટ આજે સવાર સુધીમાં સુરક્ષિત રીતે કિનારે પહોંચી ગઈ છે. જે બોટના એન્જિન દરિયામાં બંધ પડી ગયા હતા, તેમને પણ કિનારે લાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.અમરેલી જિલ્લામાં દરિયો તોફાની બન્યો છે. જેના કારણે માછીમારો અને ફિશિંગ બોટો પર ભારે જોખમ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં ૩ દિવસ પહેલાં ૩ ફિશિંગ બોટ ડૂબી જવાથી ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે, જેમને શોધવા માટે કોસ્ટગાર્ડની ટીમ સતત કામ કરી રહી છે.

## વડોદરા શહેરમાંથી ત્રણ લક્ઝરી બસ ચોરી કરનાર આરોપી ઝડપાયો

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૨ |

વડોદરાના અટલાદરા વિસ્તારમાંથી થોડા સમય પહેલા શંકરદાદા ટ્રાવેલ્સની એક મીની બસની ચોરી થઈ હતી જે અંગે અટલાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમ બનાવી દરેક રોડ પર ટેકનિકલ સોર્સ તથા સીસીટીવી કેમેરાના આધારે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન ખિસકોલી સર્કલ વિશ્વામિત્ર નજીક એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં મળી આવતા તેને રોકી પૂછપરછ કરતા તેણે પોતાનું નામ ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ બાબુભાઈ બારૈયા (રહેવાસી- મંગલમૂર્તિ અપાર્ટમેન્ટ, નરોડા, અમદાવાદ ) હોવાનું જણાવ્યું હતું. પાંચ દિવસ પહેલા અટલાદરા આનંદ પાર્ટી પ્લોટની સામેથી એક મીની બસની ચોરી કર્યો હોવાનું કબૂલ્યુ હતું.

## ભરૂચમાં સાસરિયાના ત્રાસથી પરિણીતાનો આપઘાત

| પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૨ |

ભરૂચના વાગરા તાલુકાના સંભેટી ગામની પરિણીતા ઉમલા પઢિયાર સાસરિયાના અમાનુષી ત્રાસથી ઘરમાં જ જ્વલનશીલ પદાર્થ પોતાના પર છાંટી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, બાદમાં તેને તાત્કાલિક ધોરણે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. હાલ, આ મામલે પોલીસે સાસુ, નણંદ અને પતિ સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી છે. ભરૂના દહેજ પોલીસ સ્ટેશનમાં મૃતકના પિતા હરિભાઈ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી આક્ષેપ કર્યો છે કે, 'મારી દીકરી પર તેનો પતિ, સાસુ કમળા પઢિયાર અને નણંદ ગીતા પઢિયાર ગંભીર પ્રકારનો ત્રાસ ગુજારતા હતા. જ્યારે મારી દીકરી મારા ઘરે આવી હતી, ત્યારે પણ તે કહેતી હતી કે, તેનો પતિ ભરત તેને ઘરમાં પૂરીને ખૂબ માર મારે છે અને સાસુ તેમજ નણંદ ગીતા પઢિયાર પણ સતત ટોર્ચર કર્યા કરે છે.

## કચ્છમાં રાત્રે બે વખત ભૂકંપથી ધરા ધ્રૂજી, ભચાઉ અને રાપરમાં લોકોમાં ડર ફેલાયો

| પ્રતિનિધિ, કચ્છ, તા.૨૨ |

કચ્છના રાપર અને ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભચાઉમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાત્રે ૧૦:૧૨ વાગ્યે આ ભૂકપંનો આંચકો અનુભવાયો હતો. વળી બીજી બાજું રાપરમાં પણ ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. મળતી માહિતી મુજબ, ગુરૂવારે (૨૧ ઓગસ્ટ) કચ્છના રાપર અને ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાત્રે ૧૦:૧૨ કલાકે ભચાઉમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. આ સિવાય રાપરમાં રાત્રે ૧૦:૧૯ વાગ્યે ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૨૦ કિ.મી દૂર હતું. નોંધનીય છે કે, ભૂકંપની તીવ્રતા ઓછી હોવાના કારણે કોઈ નુકસાનની માહિતી સામે આવી નથી. જોકે, આ આંચકાથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. કચ્છના રાપર અને ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભચાઉમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાત્રે ૧૦:૧૨ વાગ્યે આ ભૂકપનો આંચકો અનુભવાયો હતો. વળી બીજી બાજું રાપરમાં પણ ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. મળતી માહિતી મુજબ, ગુરૂવારે (૨૧ ઓગસ્ટ) કચ્છના રાપર અને ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાત્રે ૧૦:૧૨ કલાકે ભચાઉમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો.

### પોરબંદર - માધવપુર હાઈવે પર પણ પાણી ફરી વળ્યા હતા

## પોરબંદરના ઘેડ પંથકમાં અનેક વિસ્તારો જળબંબાકાર | ચોતરફ તારાજીથી લોકો બેહાલ

| પ્રતિનિધિ, પોરબંદર, તા.૨૨ |

પોરબંદર અને ગિર સોમનાથ જિલ્લાને જોડતા ઘેડ પંથકનો આકાર રકાબી જેવો છે અને ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ જવાના લીધે લોકો મુશ્કેલીમાં મુકાય જાય છે. ત્યારે આ વર્ષે પણ પોરબંદરના ઘેડ પંથકમાં અનેક વિસ્તારો જળબંબાકાર બની ગયા છે અને પોરબંદર - માધવપુર હાઈવે પર પણ પાણી ફરી વળ્યા હતા.પોરબંદર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડેલા ભારે વરસાદ અને ઉપરવાસમાંથી છોડવામાં આવેલા વરસાદી પાણીને લીધે સમગ્ર ઘેડ પંથક જળબંબાકાર બની ગયો છે અને અનેક આંતરિક રસ્તાઓ બંધ પડી ગયા છે. એટલું જ નહીં પોરબંદરથી માધવપુર જતા હાઈવે ઉપર પણ પુરના પાણી ફરી વળ્યા હતા તો કડછથી ઘેડ બગસરા જતો રસ્તો પણ વરસાદી પાણીને લીધે બંધ થઈ ગયો છે. ગરેજ, મૈયારી, ચીકાસા, નવાગામ, લુશાળા, એરડા, મીત્રાળા, ભડ સહિત ઘેડના આંતરિક ગામડાઓમાં વરસાદી પાણીને લીધે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ છે.ઘેડ પંથકમાં દર વર્ષે ચોમાસા દરમિયાન લોકોની સ્થિતિ કફોડી બને છે. સાંસદ દ્વારા એવા દાવાઓ કરવામાં આવે છે કે, ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિરાકરણ માટે ૧૫૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેકટ પ્રગતિમાં છે, પરંતુ ગમે તેવી યોજનાઓ અને પ્રોજેકટ હોય તો પણ ઘેડવાસીઓની પરિસ્થિતિમાં કોઈ ફરક પડયો નથી તે હકીકત છે.પોરબંદર અને ગિર સોમનાથ જિલ્લાને જોડતા ઘેડ પંથકનો આકાર રકાબી જેવો છે અને ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ જવાના લીધે લોકો મુશ્કેલીમાં મુકાય જાય છે. ત્યારે આ વર્ષે પણ પોરબંદરના ઘેડ પંથકમાં અનેક વિસ્તારો જળબંબાકાર બની ગયા છે અને પોરબંદર - માધવપુર હાઈવે પર પણ પાણી ફરી વળ્યા હતા.પોરબંદર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડેલા ભારે વરસાદ અને ઉપરવાસમાંથી છોડવામાં આવેલા વરસાદી પાણીને લીધે સમગ્ર ઘેડ પંથક જળબંબાકાર બની ગયો છે અને અનેક આંતરિક રસ્તાઓ બંધ પડી ગયા છે. એટલું જ નહીં પોરબંદરથી માધવપુર જતા હાઈવે ઉપર પણ પુરના પાણી ફરી વળ્યા હતા.



## જામનગરમાં દારૂ ઘુસાડવા બુટલેગરોનો નવો કિમિયો, ટાયરની અંદરથી ૫૪ બોટલો મળી

| પ્રતિનિધિ, જામનગર, તા.૨૨ |

મધ્ય પ્રદેશના અલીરાજપુરથી ઈકો કારમાં સ્પેરવ્હીલના ટાયર તેમજ સાઈડના પતરામાં વિદેશી દારૂની બાટલીનો જથ્થો સંતાડીને જામનગરમાં ઘુસાડવાનું ચબરાક બુટલેગરનું કારસ્તાન એલસીબીની ટીમે પકડી પાડ્યું છે. ઈકો કારમાં સંતાડેલી ૫૪ વિદેશી દારૂની બોટલનો જથ્થો અને કાર સહિત ૩ લાખ ૨૦ હજાર રૂપિયાનો માલમતા કબજે કરીને બે પરપ્રાંતીય બુટલેગરની અયકાયત કરી છે. જ્યારે પૂછપરછમાં અન્ય બે શખસોના નામ ખુલ્યા છે.રાજ્ય બહારથી એક ઈકો કારમાં વિદેશી દારૂ જામનગર પંથકમાં ઘુસાડવામાં આવી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે જામનગર તાલુકાના જાંબુડા ગામના પાટિયા પાસે એલસીબીની ટીમે વોચ ગોઠવી હતી. આ દરમિયાન મધ્ય પ્રદેશના પાસિંગની ઈકો કાર પસાર થતાં તેને અટકાવી હતી અને કારની તપાસ કરી હતી. ઈકો કારના સ્પેરવ્હીલના ટાયરની અંદરથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત ઈકો કારના પાછળના ભાગમાં વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસ દ્વારા કુલ ૫૪ વિદેશી દારૂની બોટલ, બે મોબાઈલ ફોન, અને એક કાર સહિત ૩ લાખ ૨૦ હજાર રૂપિયાથી વધુનો માલમતા કબજે કર્યો હતો.

## વડોદરાના દંતેશ્વરમાં રહેતા આસિસ્ટન્ટ પ્રોફેસરના બંધ મકાનમાંથી ૧.૯૭ લાખની ચોરી

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૨ |

વડોદરાના દંતેશ્વરમાં દર્શનમ બ્લીસમાં રહેતા હર્ષવર્ધન હિતેન્દ્ર કુમાર પંડ્યા ગોરવા ખાતેની કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરે છે અને તેમના પત્ની એક ખાનગી યુનિવર્સિટીમા આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી કરે છે. ગત તા.૧૩મી તારીખે સવારે ૯:૩૦ વાગે દંપતિ મકાન અને તાળું મારીને નોકરી પર ગયું હતું. સાંજે ૫:૦૦ વાગે તેમના પત્ની નોકરી પરથી પરત આવ્યા ત્યારે જોયું તો બાથરૂમના ગ્લાસ કોઈએ કાઢી નાખ્યા હતા.જેથી ચોરીની શંકા જતા ઘરમાં જઈને તપાસ કરતા ચોરી થયાનું જણાઈ આવ્યું હતું. ચોર ટોળકી તેમના ઘરમાંથી સોનાના પાંચ તોલાના દાગીના તેમજ ચાંદીની માછલી તથા રોકડા મળી રૂ.૧.૯૭ લાખની મતા ચોરી ગઈ હતી. જે અંગે મકરપુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વડોદરાના દંતેશ્વરમાં દર્શનમ બ્લીસમાં રહેતા હર્ષવર્ધન હિતેન્દ્ર કુમાર પંડ્યા ગોરવા ખાતેની કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરે છે અને તેમના પત્ની એક ખાનગી યુનિવર્સિટીમા આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી કરે છે. ગત તા.૧૩મી તારીખે સવારે ૯:૩૦ વાગે દંપતિ મકાન અને તાળું મારીને નોકરી પર ગયું હતું. સાંજે ૫:૦૦ વાગે તેમના પત્ની નોકરી પરથી પરત આવ્યા ત્યારે જોયું તો બાથરૂમના ગ્લાસ કોઈએ કાઢી નાખ્યા હતા.



ગોપાલ ઈટાલિયાની જીતના એક મહિના બાદ ભાજપના નિષ્ક્રીય રહેલા જવાહર ચાવડાએ

# પોતાની જ સરકાર સામે મોરચો માંડ્યો હોય તેમ આમ આદમી પાર્ટીના નેતાની સભામાં હાજરી આપી

**ભાજપમાં જોડાયા પછી ન તો ટિકિટ મળી કે ન તો સંગઠનમાં કોઈ મોટો હોદ્દો મળ્યો**

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૨૨ ।

ગોપાલ ઈટાલિયાની જીતના એક મહિના બાદ ભાજપના નિષ્ક્રીય રહેલા જવાહર ચાવડામાં અચાનક જોમ આવ્યું છે. તેઓએ જુનાગઢમાં ફરી સભાઓ ભરવાનું શરૂ કરી દીધું છે. થોડા દિવસો પહેલા તેમણે ભાજપ નેતા અને પુર્વ મંત્રી જવાહર ચાવડાએ ફરીથી રોજગારનો મુદ્દો ઉપાડ્યો હતો. ત્યારે હવે તેમણે આમ આદમી પાર્ટીના નેતાની જાહેર સભામાં હાજરી આપી હતી. ત્યારે તેમના આમ આદમી પાર્ટીમાં જવાની ચર્ચાઓ ફરી વહેતી થઈ છે.



જુનાગઢ જિલ્લામાં રાજકારણમાં નવાજુની થવાનાં એંધાણ છે. આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પરમારની સભામાં ભાજપના નેતા જવાહર ચાવડા હાજર રહ્યા હતા. આપની સભામાં ભાજપના નેતાની હાજરીથી અનેક વાતો વહેતી થઈ છે. અમરાપુર બેઠકનાં આકાળા અને વિરડી ગામે આપની સભામાં જવાહર ચાવડા હાજર રહ્યા હતા. હાલ જવાહર ચાવડાના ફોટાઓ આમ આદમી પાર્ટીના આગેવાનો સાથે બેઠક થયાનાં વાયરલ થયા છે. જવાહર ચાવડા અચાનક પિક્ચરમાં આવતા સૌરાષ્ટ્રના રાજકારણમાં ગરમાગરમ ચર્ચા જામી છે. કેટલાક કહી રહ્યાં છે કે, અચાનક સક્રિય થવાથી જુનાગઢમાં નક્કી જ કંઈક નવાજૂની થઈ શકે છે. જવાહર ચાવડાને અચાનક પોતાનું શક્તિ પ્રદર્શન કરવાનું સૂઝ્યું છે. તેથી લોકો તેમને પૂછી રહ્યા છે કે તેઓ આમ આદમી પાર્ટીમાં જશે કે કેમ. ગોપાલ ઈટાલિયાની જીત બાદ ભાજપના નેતા અને પૂર્વ મંત્રી જવાહર ચાવડા અચાનક સજીવન થયા છે. ત્યારે હવે આ નેતાએ પોતાના જ પક્ષ સામે મોરચો માંડ્યો હોય તેવું લાગે છે. આ સાથે જ જવાહર ચાવડા કંઈક નવાજૂની કરે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે.જીત ગોપાલ ઈટાલીયાની થઈ અને જયકાર જવાહર ચાવડાનો થયો. વિસાવદર બેઠક ઉપરથી આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાનો વિજય થયો હતો, તેના બાદથી સોશિયલ મીડિયા પર એક જ વીડિયો ફરતો થયો હતો. જેમાં ગોપાલ ઈટાલીયા સાથે તેમના સમર્થકો પુર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડાના જય જય કારના નારા લગાવ્યા હતા. ભાજપમાં જોડાયા પછી ન તો ટિકિટ મળી કે ન તો સંગઠનમાં કોઈ મોટો હોદ્દો મળ્યો. એ પછી જવાહર ચાવડાનો હરિરસ પણ ખાટો થઈ રહ્યો હોય એમ જણાય છે. તેમણે અગાઉ કિરીટ પટેલના ભ્રષ્ટાચાર સામે પત્રિકાયુદ્ધ છેડી દીધું હતું જેને ભાજપ હાઈકમાન્ડે નજરઅંદાજ કર્યું. આથી જ વિસાવદરના ચૂંટણીપ્રચારમાં ગોપાલ ઈટાલિયાને જીતાડવા માટે નહિ પરંતુ કિરીટ પટેલ હારે એ માટે ચાવડાના સમર્થકો, ટેકેદારોને રસ હોય એ સમજી શકાય છે. એટલે જ વિજય સરઘસમાં ગોપાલ ઈટાલિયાએ પણ જવાહર ચાવડા જિંદાબાદના નારા પોકારીને એક કાંકરે બે પક્ષી માર્યા. હારેલા કિરીટ પટેલને વધુ એક ફટકો માર્યો અને સમાંતરે જવાહર ચાવડાને પણ કશું કહ્યા વગર આમઆદમી પાર્ટીમાં જોડાવાની કંકોત્રી પાઠવી દીધી.

અધિકારીઓ બાળકોને સુકો અને ભીનો કચરો છૂટો કઈ રીતે પાડવો પ્લાસ્ટિકનો વપરાશ કઈ રીતે ઓછો કરવો તેની સમજ આપી

# વડોદરામાં સ્વચ્છતા પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવા કોર્પોરેશન દ્વારા ૩૨ સ્થળે શેરી નાટકો ભજવ્યા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૨ ।

વડોદરાને ગાર્બેજ ફ્રી સીટી બનાવવા માટે કોર્પોરેશન દ્વારા શહેરમાં સ્વચ્છતાને લોકો વધુ પ્રાધાન્ય આપે અને ગંદકી ન કરે તે સંદર્ભે જાગૃતિ લાવવા માટે હવે શેરી નાટકના પ્રયોગો શરૂ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૨ સ્થળો પર આવા શેરી નાટકો કરવામાં આવ્યા છે કે જ્યાં લોકોને આવજા વધુ રહેતી હોય. હવે કોર્પોરેશનનું તંત્ર ગણપતિ મહોત્સવ વખતે કે જ્યારે લોકોની વધુ ભીડ થતી હોય ત્યારે સ્વચ્છતાનો મેસેજ વધુ લોકો સુધી પહોંચી શકે તે એ સમયે આવા શેરી નાટકો કરવામાં આવશે.શાળાઓમાં પણ જઈને કોર્પોરેશનના અધિકારીઓ બાળકોને સુકો અને ભીનો કચરો છૂટો કઈ રીતે પાડવો પ્લાસ્ટિકનો વપરાશ કઈ રીતે ઓછો કરવો તેની સમજ આપી રહ્યા છે. શહેરનું સૌથી મોટું શાક માર્કેટ ખંડેરાવ માર્કેટ ખાતે અને માર્કેટ ચાર રસ્તા ખાતે સાત કલાકારોની ટીમ દ્વારા સ્વચ્છતા નો સંદેશો આપવા શેરી નાટક ભજવ્યું હતું. શહેરના તમામ ૧૯ વોર્ડમાં શેરી નાટકો હજુ ભજવવામાં આવશે, અને લોકોને પ્લાસ્ટિક સાથે નહીં પણ પર્યાવરણ સાથે દોસ્તી કરવા, કચરો જ્યાં ત્યાં નહીં ફેંકવા, ગમે ત્યાં થૂંકવા નહીં અને ડોર ટુ ડોર કચરાની ગાડીમાં જ કચરો નાખવા લોકોને અપીલ કરાઈ હતી. કોર્પોરેશન હવે એસટી બસ સ્ટેશન, જાહેર સ્થળો, શોપિંગ મોલ વગેરે જગ્યાએ આવા મશીનો મુકવાની છે.

## ઉછીના આપેલા રૂ.૧૫,૦૦૦ પરત લેવા ગયેલી બહેન પર ભાઈનો હુમલો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૨ ।

વડોદરાના વાઘોડિયા રોડ પર ડી માર્ટની પાછળ લવકુશ નગરમાં રહેતા નીલમબેન નીતેશભાઈ મિસ્ત્રીએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મેં મારા નાના ભાઈ વિજય મુરલીધર શર્મા (રહે-સુર્યા ફ્લેટ દત્ત મંદિરની સામે, મહાદેવ તળાવની બાજુમાં) ને આઠ મહિના અગાઉ ૧૫૦૦૦ રૂપિયા આપ્યા હતા. તે પરત લેવા માટે હું વારંવાર ફોન કરતી હતી પરંતુ તે મને પૈસા આપતો નહોતો.

જેથી ગત ૨૦ મી તારીખે હું મારા ભાઈના ઘરે ગઈ હતી અને મારી માતાને વાત કરી હતી. મારો ભાઈ ઊંઘતો હોવાથી હું તેને જગાડવા માટે ગઈ હતી અને કહ્યું કે મને મારા પૈસા તમે ક્યારે આપો છો ? મારે મારા દીકરાની ફી ભરવાની છે. મારી વાત સાંભળીને મારો ભાઈ વિજય એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને મને ધક્કો મારીને પાડી નાખી હતી. તે મને માર મારવા લાગતા હું રૂમની બહાર ભાગી ગઈ હતી તો તેણે મારી પાછળ દોડી આવી મારા વાળ પકડી હાથની આંગળીઓ મચકોડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મારા હાથની આંગળીમાં ફ્રેક્ચર થઈ ગયું હતું.

## ભરૂચની શ્રવણ ચોકડી પાસે સોસાયટીના મકાનમાં ટ્રક ધડાકાભેર ઘૂસી જતા મકાનને ૮ લાખનું નુકસાન

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૨ ।

ભરૂચની શ્રવણ ચોકડી પાસેની સોસાયટીમાં ચાલતી કન્સ્ટ્રક્શનની કામગીરી સમયે રેતી ભરેલી ટ્રકના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક સોસાયટીના મકાનમાં ધડાકાભેર અથડાતા મકાનની દિવાલ અને બીમ તોડી નાખી રૂ.૮ લાખનું નુકસાન પહોંચાડવા મામલે મકાન માલિકે ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.મૂળ ઓડિશાના રહેવાસી અને હાલ ભરૂચની શ્રવણ ચોકડી વી.ડી.ટાઉનશિપ માં રહેતા રવિન્દ્રકુમાર શાહુ દહેજ ખાતે ખાનગી હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ હેઠળ નોકરી કરે છે. ગઈ તા.૧૫મી ઓગસ્ટના રોજ એક રેતી ભરેલો ટ્રક રવિન્દ્ર કુમારના મકાન સાથે ધડાકાભેર અથડાયો હતો. જેમાં મકાનનો બીમ તથા દીવાલો તૂટી ગઈ હતી. અકસ્માત સર્જી ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ રવિન્દ્ર કુમારની સોસાયટીમાં કન્સ્ટ્રક્શનનું કામ કરતા કોન્ટ્રાક્ટર મેલસીંગ દોલતભાઈએ બાહેધરી લીધી હતી કે, "ટ્રક ને જવા દો તમારું જે નુકસાન થયું છે તે રીપેર કરી આપીશું". જેથી ટ્રકને લઈ જવા દીધો હતો. થોડા દિવસ બાદ મેલસીંગભાઈએ મકાનની વિઝીટ કરી વધુ ખર્ચ હોવાથી સમારકામનો ઈનકાર કર્યો હતો. કન્સ્ટ્રક્શન એજન્સી મારફતે મકાનના નુકસાનનું એસ્ટીમેન્ટ કાઢતા આશરે રૂ.૮ લાખનું નુકસાન થયું હોવાનું બહાર આવ્યું હતું. કોન્ટ્રાક્ટર મેલસીંગભાઈએ મકાનના સમારકામનો વાયદો કરી વધુ ખર્ચ હોવાથી ઈનકાર કરતા ફરિયાદ આપી છે. ભરૂચ સીટી એ ડિવિઝન પોલીસે બેદરકારીથી વાહન હંકારવા તથા મિલકતને નુકસાન પહોંચાડવા બદલ ગુનો નોધી ટ્રક નંબરના આધારે ચાલકની શોધખોળ શરૂ કરી હતી. રવિન્દ્ર કુમારની સોસાયટીમાં કન્સ્ટ્રક્શનનું કામ કરતા કોન્ટ્રાક્ટર મેલસીંગ દોલતભાઈએ બાહેધરી લીધી હતી.






## તંત્રી લેખ...

# પ્રદુષણ રોકવા પહેલ

વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે. એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે.

# ફિટ રહેવા રોજ ૨૨ મિનિટ ચાલો

આમાં કોઈ શંકા નથી કે આપ હેલ્થી અને બિમારીથી દુર રહેવા માટે ઈચ્છુક છો તો પોતાની નિષ્ક્રિય લાઈફસ્ટાઈલને છોડી દેવી પડશે. પોતાની ગતિહીન લાઈફસ્ટાઈલને ત્યાગીને એક્ટિ લાઈફસ્ટાઈલ અપનાવવાની સ્થિતીમાં જીવન બદલાઈ શકે છે. વધારે ફિટ અને સ્વસ્થ રહી શકાય છે. માત્ર એક ફેરફાર કરીને આપ હાર્ટ સાથે સંબંધિત બિમારી, સ્ટ્રોક, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીને દુર રાખી શકાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટિવ લાઈફસ્ટાઈલ માટે આપને દિવસભર જીમમાં પરસેવો વહેડાવવાની કોઈ જરૂર નથી. દરરોજ માત્ર ૨૨ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો પણ સારા પરિણામ મળી શકે છે. ૨૨ મિનટ સુધી રોજ ચાલવાથી આરોગ્યને જાળવી શકાય છે. અમેરિકન જર્નલ ઓફ પ્રિવેન્ટિવ મેડિસીનમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસના પરિણામ હવે જાહેર કરવામાં આવ્યા છે. જે દર્શાવે છે કે દરરોજ ૩૦ મિનિટ સુધી વોકિંગ ખુબ ફાયદાકારક છે. આના કારણે મોતની શંકા ૨૦ ટકા સુધી ઘટી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકિંગ ખુબ સરળ અને પરફેક્ટ કસરત સમાન છે. ૧૩ વર્ષ સુધી વ્યપાક અભ્યાસ કર્યા બાદ આના તારણ જારી કરવામાં આવ્યા છે. વોકિંગ સરળ કસરત છે. કારણ કે તે એક સિમ્પલ એક્શન છે. જે સંપૂર્ણ રીતે ફ્રી છે. તેના માટે કોઈ પણ પ્રકારના સાધનની જરૂર હોતી નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



**બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટે જ કરવામાં આવે છે...**

**શું આપની ઓફિસમાં ક્લાઇન્ટ નિયમિત રીતે આવે છે જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઇએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે એટલે કે કોઇ પ્રાઇમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઇમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે**

# આ ખર્ચ પર બ્રેક મુકી બચત કરો

**કેટલીક વખત એવા ખર્ચ થઇ જાય છે જેની જરૂર હોતી નથી : ૮૨ ટકા નાના કારોબાર ફ્લોપ થઇ જવા માટેનુ મુખ્ય કારણ કૈશ ફ્લો હોય છે**

કોઈ પણ પ્રકારના બિઝનેસને ચલાવવા માટેની બાબત સરળ હોતી નથી તે હમેંશા પડકારરૂર હોય છે. સૈલરી, ઓફિસ ભાડા, મેન્ટેનન્સ સહિતના ખર્ચ કંપનીના ખર્ચને અનેક ગણા સુધી વધારી દે છે. પ્રિન્ટિંગ કોસ્ટ હમેંશા દરેક કંપનીને મોટા ખર્ચ કરવા પર મજબુર કરે છે. પેપર ઈન્ક અન મશીનના મેન્ટેનન્સમાં જંગી નાણાં લાગે છે. સાથે સાથે કર્મચારી પણ પોતાના કિંમતી સમય પ્રિન્ટર સાથે સંબંધિત મુદ્દાને લઈને ડીલ કરવામાં ખરાબ કરે છે. જેથી જેટલુ બની શકે તેટલા ઓછા પ્રમાણમાં પેપરના ઉપયોગની જરૂર રાખવી જોઈએ. પેપર વર્કને લઈને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોન્ટ્રાક્ટ સાઈન કરવા માટે પણ ઓનલાઈન સિગ્નેચર સર્વિસેસનો ઉપયોગ કરી શકાય છે. જો કાગળના બદલે ટેકનોલોજીનો ઉપયોગ વધારે કરવામાં આવશે તો આપની શ્રેણીબદ્ધ સમસ્યાનો એમ જ દુર થઈ શકે છે. આઉટ ઓફ ટાઉફન કોન્ફરન્સ કરવામાં હમેંશા ખર્ચ ખુબ વધારે કરવામાં આવે છે. જેથી આ કોસ્ટને હમેંશા માટે ઘટાડી દેવા માટે કોઈ સારા વેબ કોન્ફરન્સ સોફ્ટવેરમાં ઈન્વેસ્ટ કરી શકાય છે. જેની મદદથી કોઈ પણ સમય દુનિયામાં કોઈ પણ જગ્યાએ કોઈ વ્યક્તિ સાથે ફેસ ટુ ફેસ વાત કરી શકો છો. ટ્રાવેલિંગને બિલકુલ છોડી દેવામાં આવે તો પણ તેનાથી બચત થાય છે. જ્યાં મોટા ફાયદા થઈ રહ્યા છે ત્યાં ચોક્કસપણે જવાની જરૂર હોય છે પરંતુ ટ્રાવેલિંગ ઓચા પ્રમાણમાં કરવામાં આવે તેવી સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી રહી છે. જે કામોને ફોલોઅર્સથી કરાવી શકાય છે તે કામ માટે સ્ટાફ રાખવાની ભુલ ક્યારેય કરવી જોઈએ નહી. કેટલીક વખત મહિનામાં બે ચાર કામ જ હોય છે જેને ફોલોઅર્સથી સરળતાથી કરાવી શકાય છે. તેના માટે સ્ટાફ રાખવાની કોઈ જરૂર હોતી નથી. જો કે ફોલોઅર્સની પસંદગી કરત વેળા ક્વાલિટી પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે.



સારા ફોલોઅર્સ સારા પૈસા માંગે છે પરંતુ કામ પણ સારી ક્વાલિટી સાથે કરતા રહે છે. જે ખરાબ કામને ફરીથી કરવાના બદલે વધારે યોગ્ય છે. ફ્રી લાન્સર્સના કારણે આપને ઓફિસમાં પણ થતા નાના મોટા ખર્ચમાંથી મુક્તિ મળી જાય છે. વર્તમાન સમયમાં મોટી મોટી કંપનીઓ ફ્રી લાન્સર્સ મારફતે આગળ વધી રહી છે. કોઈ પણ બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટેના ઈરાદા સાથે જ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત એવા ખર્ચ થઈ જાય છે જે ખર્ચની ખરેખર જરૂર હોતી નથી. થોડાક દિવસ પહેલા બિઝનેસ ઈન્સાઈડરના કહેવા મુજબ ૮૨ ટકા નાના કારોબાર એટલા માટે ફ્લોપ થઈ જાય છે કે તેમની પાસે કેશ ફ્લોની વ્યવસ્થા થઈ શકતી નથી. જો તમે પણ કોઈ નાના કારોબાર સાથે જોડાયેલા છો તો આપને કોઈ પણ કિંમતમાં કમજોર કેશ ફ્લોથી બચવાની જરૂર છે. જો કે ખર્ચ કરવાની બાબત સરળ હોતી નથી. કયા ખર્ચ જરૂરી છે અને કયા ખર્ચ જરૂરી નથી તે બાબત પર ધ્યાન આપીને ખર્ચ પર બ્રેક મુકી શકાય છે. જરૂરી ખર્ચના કારણે પૈસા કમાવવામાં આવે છે જ્યારે બિનજરૂરી ખર્ચના કારણે નાણાંનો બગાડ થાય છે. જેથી બિઝનેસ શરૂ કરવાની સાથે જ આપને આ બાબત જાણી લેવાની જરૂર હોય છે કે આપના કંપનીનો ખર્ચ કઇ રીતે વધી શકે છે. બિનજરૂરી ખર્ચને ઘટાડીને સરળતાથી નફાની દિશામાં આગળ વધી શકાય છે. મોટા સર્વિસ પ્રોવાઈડર્સ હમેંશા નાના કારોબારને એઅજ ચીજનો ઉપયોગ કરવાની ફરજ પડે છે જે તે ઓફર કરે છે. જ્યારે સામાન લોકલ ઓપ્શન પોતાની સર્વિસ માં આપની જરૂરિયાત મુજબ બદલાવ લાવી દે છે. જેથી જે મોટી કંપની સાથે આપની ડિલિગ છે તેમની યાદી તૈયાર કરવાની જરૂર હોય છે.

યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ લોકલ કંપનીની લિસ્ટિંગ સાથે મેચ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે પણ લાભ થઈ શકે છે. શુ આપની ઓફિસમાં ક્લાઈન્ટ નિયમિત રીતે આવે છે. જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઈએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે. એટલે કે કોઈ પ્રાઈમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઈમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે. કંપનીના ખર્ચને કાબુમાં લેવા માટે આ બાબત ખુબ ઉપયોગી હોય છે. પોતાના કર્મચારીને વર્ક ફ્રોમ હો અથવા તો રિમોટ વર્કની સુવિધા પણ આપી શકાય છે. ઓફિસ નાની હોવાથી ભાડુ ઓછુ રહેશે. વીજળી, પાણી અને અન્ય ખર્ચ પર પણ બ્રેક મુકી શકાશે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને આગળ વધવુ જોઈએ.



**નવી ચર્ચા :ત્રાસવાદને રોકવા માટે કેટલાક અન્ય વિકલ્પ છે**

**ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે**

# સરહદે ખાસ વસવાટ ગોઠવી શકાય

**ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે : કલમ ૩૭૦ને નાબુદ કર્યા બાદ ત્રાસવાદનો ખાતમો સરળ રીતે થઇ શકે**

દેશમાં જ્યારે પણ કોઈ ભીષણ ત્રાસવાદી હુમલા થાય છે ત્યારે કેટલીક નવી બાબત સપાટી પર આવે છે અને ત્રાસવાદી હુમલાને રોકવા માટે ક્યા પગલા લેવામાં આવે તેને લઈને ચર્ચા છેડાઈ જાય છે. હવે જ્યારે જમ્મુ કાશ્મીરમાં સતત નવા નવા ત્રાસવાદી હુમલા થઈ રહ્યા છે ત્યારે ઘુસણખોરીને રોકવા માટે કયા પગલા લેવામાં આવે તેની ચર્ચા છેડાઈ ગઈ છે. ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે. જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે.

આ દિશામાં વિચારણા ચોક્કસપણે ચાલી રહી છે. આ તો નક્કર વાસ્તવિકતા છે કે તમામ ત્રાસવાદીઓ એલઓસી મારફતે જ આવે છે. સરહદ પર તો ખુબ મજબુત સુરક્ષા વ્યવસ્થા છે. બેરિકેડિંગ પણ છે. જેથી ત્યાંથી ઘુસણખોરીથી ખુબ મુશ્કેલ છે. ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે. કલમ ૩૭૦ને નાબુદ કરી દેવામાં આવ્યા બાદ સરહદ પર એવી વસવાટ સ્થાપિત કરવામાં આવે જે કેટલાક અંશે સાવધાન રહેતી હોય સાથે સાથે ઘુસણખોરીને રોકવા માટે સક્ષમ પણ હોય. દાખલા તરીકે સરહદ પર સેવામાંથી નિવૃત થયેલા લોકોને વસાવી દેવા જોઈએ. જે નાની વયમાં નિવૃત થયા છે તે જવાનોને સૌથી પહેલા તૈનાત કરી દેવા જોઈએ. આખરે કાશ્મીર ભારતનો હિસ્સો છે.



કાશ્મીરમાં જઈને બીજા ભારતીય લોકો નહી શકે નહી તેવી કોઈ મજબુરી નથી. તો બીજા લોકો કેમ જઈને ન રહે. બીજા ભારતીય લોકો કાશ્મીરમાં જઈને રહેવા લાગે તેમાં કાંઈ ખોટુ નથી. આખરે પાકિસ્તાન તો અધિકૃત કાશ્મીરમાં મન ફાવે તેવુ કામ કરી રહ્યું છે. તો ભારત પોતાના પગ પર કુહાડી કેમ મારે છે. આખરે ભારતની એવી કેવી મજબુરી છે કે કાશ્મીરીને મુસ્લિમ બહુમતિ સાથેના રાજ્ય તરીકે જ રાખવામાં આવે. હાલના ત્રાસવાદી હુમલા અંગે અમે સીધી રીતે હજુ સુધી કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. અમારી ગુપ્તચર સંસ્થાઓની ખામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. કારણ કે ભારત-પાકિસ્તાન સરહદ પંજાબ તરફ પણ ખુબ મોટી છે. આ વાત પણ વાસ્તવિક છે કે ગુપ્તચર સંસ્થાએ માહિતી આપી હતી કે ત્રાસવાદી હુમલો થઈ શકે છે. પરંતુ હુમલો ક્યાં થઈ શકે છે અને ક્યારે થશે તે અંગે વાત કરવી યોગ્ય નથી. અમારી સરહદ પર અર્ધલશ્કરી દળ તૈનાત છે. જેમની જવાબદારી તેમના અધિકારીઓના બદલે પોલીસના હાથમાં હોય છે. અર્ધલશ્કરી દળમાં સીધી રીતે નિમણૂક પામેલાની તકોમાં કમી આવવાથી તેમના ટેન્શનમાં વધારો થાય છે. જો કે આવી કોઈ કામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી હાલમાં યોગ્ય નથી. અંકુશ રેખા પર યોગ્ય વસવાટ ગોઠવીને કેટલીક સમસ્યાનો તો પોતાની રીતે જ ઉકેલ લાવી શકાય છે. પૂર્વ જવાનોને તેમના પરિવાર સાથે ગોઠવી શકાય છે.

# નરેન્દ્ર મોદીના પ્રેરક ભાષણોના સંકલન 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ની આવૃત્તિ-૨, ૩નું વિમોચન

**અનુરાગ ઠાકુર તેમજ શિવરાજસિંહ ચૌહાણે નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલાં ભાષણો અને સંબોધનો પરથી સંકલિત પુસ્તક 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ની બે આવૃત્તિનું વિમોચન કર્યું**

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ, યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુર તેમજ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે આજે ભોપાલમાં કુશભવ ઠાકરે આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલાં ભાષણો અને સંબોધનો પરથી સંકલિત પુસ્તક 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ની બે આવૃત્તિનું વિમોચન કર્યું હતું જેમાં જૂન ૨૦૨૦ થી મે ૨૦૨૧ અને જૂન ૨૦૨૧ થી મે ૨૦૨૨ સુધીના પ્રધાનમંત્રીના સફળ બીજા કાર્યકાળ દરમિયાન આપેલા સંબોધનોને આવરી લેવામાં આવ્યા છે. આ પુસ્તકોનું સંકલન માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ, યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે આપેલા સંબોધનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધનો સતત પ્રેરણાના સ્રોત તરીકે મદદરૂપ થાય છે તે બાબત પર પ્રકાશ પાડ્યો હતો. તેમના દરેક ભાષણમાં શીખવા માટેના મૂલ્યવાન બોધપાઠો હોય છે. પ્રધાનમંત્રીના ભાષણોમાં વિપુલ પ્રમાણમાં સમજદારીપૂર્ણ સામગ્રી હોવાથી પુસ્તકનું સંકલન કરવા માટે તેમાંથી ભાષણો પસંદ કરવાનું કામ પડકારજનક રહ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ પુસ્તકના એક વિભાગમાં ૮૬ પ્રેરણાદાયી ભાષણો અને બીજા વિભાગમાં ૮૦ પ્રેરણાત્મક ભાષણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૫ સંદગીનાં ભાષણોને ઘણા મહત્વના વિષયોને ધ્યાનમાં રાખીને સંકલન કરવામાં આવ્યું છે. આ




ભાષણોમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ગુડ ગવર્નન્સ, મહિલા સશક્તિકરણ, રાષ્ટ્ર શક્તિ, આત્મનિર્ભર ભારત, જય વિજ્ઞાન, જય કિસાન વગેરે જેવા વિષયો પર સામાન્ય નાગરિકોને પ્રધાનમંત્રીએ આપેલું સંબોધન સામેલ છે.

મંત્રીશ્રીએ વધુમાં યુવાનો અને સંશોધકોને અનુરોધ કર્યો હતો કે, તેમણે આ પુસ્તકને અવશ્ય વાંચવું જોઈએ. આમાં ઘણું જાણવા અને શીખવાનું છે. શ્રી ઠાકુરે પ્રથમ વખત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર વિક્રમ લેન્ડરના સફળ ઉતરાણની નોંધપાત્ર સિદ્ધિમાં ભારતે જે રીતે નોંધપાત્ર સફળતા અંકિત કરી છે તેની પણ પ્રશંસા કરી હતી. તેમણે એ વાતની નોંધ લીધી હતી કે, અગાઉની સરખામણીમાં, ૪૫ કરોડથી વધુ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે, અને લોકોને મળતા લાભની રકમ હવે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડ્બ્ટ્) સિસ્ટમ દ્વારા લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચી રહી છે. શ્રી ઠાકુરે યુવાનોની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ભારતના યુવાનો હવે નોકરી આપનાર બની ગયા છે. વિશ્વની સરખામણીમાં ભારતમાં એક લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ છે.

શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે, વિશ્વનો સૌથી સસ્તો ડેટા હવે ભારતમાં ઉપલબ્ધ છે. રાષ્ટ્રએ પોતાની ૫ટ ટેક્નોલોજી તૈયાર કરી છે અને ભવિષ્યમાં ૬ટ ટેક્નોલોજી તૈયાર કરવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, અમૃત મહોત્સવના ૭૫માં વર્ષમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. મધ્યપ્રદેશ દ્વારા કરવામાં આવેલી પ્રગતિની પ્રશંસા કરતા શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે, પહેલાંના સમયમાં મધ્યપ્રદેશની ગણના બીમારુ રાજ્યમાં કરવામાં આવતી હતી, પરંતુ નવી સરકાર સત્તારૂઢ થયા પછી, આ રાજ્ય દેશના અગ્રણી અને પ્રગતિશીલ રાજ્યો પૈકી એક તરીકે ઉભરી આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આપણે આપણી માતૃભાષામાં શિક્ષણમાં ઘણી પ્રગતિ કરી છે અને માત્ર મધ્યપ્રદેશમાં જ હિન્દીમાં તબીબી અભ્યાસ માટેનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, 'શીખો કમાઓ' યોજના એક અનોખી યોજના છે અને અત્યાર સુધીમાં ૮૬ હજારથી વધુ નોંધણી થઈ ચુકી છે અને મધ્યપ્રદેશે ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનું પણ સફળતાપૂર્વક આયોજન કર્યું છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે આ સમારંભમાં આપેલા સંબોધનમાં યુવાનોને આ પુસ્તક વાંચવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ અમૂલ્ય ખજાનો છે અને તેમાં બુદ્ધિના મોતી જોવા મળશે. તેમણે એ વાતની નોંધ લીધી હતી કે, પ્રધાનમંત્રીની 'મન કી બાત' એ સામાન્ય નાગરિકોનો અવાજ છે, જે સામાજિક મુદ્દાઓ પર ભાર મૂકવા માટે એક મંચ પૂરો પાડે છે. તે એક એવી અદ્ભુત પહેલ છે જે તેની અંદર પ્રધાનમંત્રીની પ્રેરણાનો સાર મળે છે.

મુખ્યમંત્રીશ્રીએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને એક સ્વપ્રદૃષ્ટા પ્રધાનમંત્રી તરીકે વર્ણવતું આ પુસ્તક ચોક્કસપણે વાંચવા અને તેમની સાથેની તેમની યાદો તાજી કરવા માટે ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ઈન્દોરે સમગ્ર દેશમાં સ્માર્ટ સિટીના ક્ષેત્રમાં તેની શ્રેષ્ઠતા સ્થાપિત કરી હોવાથી તેને પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ સ્માર્ટ સિટી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું છે. સાથે સાથે, મધ્યપ્રદેશને ભારતીય સ્માર્ટ સિટી શ્રેણીમાં પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ રાજ્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ઈન્દોરને સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત ટોચનું સ્થાન મળતું રહ્યું છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી વિક્રમ સહાયએ આપેલા ઉષ્માભર્યા સ્વાગત પ્રવચન સાથે આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો અને ત્યારબાદ પુસ્તકો પર આધારિત એક ટૂંકી ફિલ્મનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. ખજુરાહોના સાંસદ શ્રી વી.ડી. શર્મા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રકાશન વિભાગના મહાનિદેશક સુશ્રી અનુપમા ભટનાગર દ્વારા રજૂ કરવામાં આવેલા આભાર વચન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમની શરૂઆત પહેલાં, કેન્દ્રીય મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે માનનીય મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે મળીને સેન્ટ્રલ બ્યુરો ઓફ કોમ્યુનિકેશન દ્વારા 'નયા ભારતઃ સશક્ત ભારત' થીમ પર યોજવામાં આવેલા મલ્ટી-મીડિયા પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું તેમજ '૯ વર્ષઃ સેવા, સુશાસન ઔર ગરીબ કલ્યાણ'નો પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન, પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા પુસ્તકોની શ્રેણી દર્શાવતો એક સ્ટોલ ઉભો કરવામાં આવ્યો હતો, જેમાં ઉપસ્થિત લોકોને પુસ્તકો જોવા અને ખરીદવાની સુવિધા પૂરી પાડવામાં આવ હતી.



Cyber Octet™

# CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# દ.અમેરિકામાં ૮.૦ની તીવ્રતાના જોરદાર ભૂકંપથી લોકોમાં ફફડાટ

। નવી દિલ્હી, તા.૨૨ ।

દ.અમેરિકામાં ભૂકંપનો જોરદાર આંચકો અનુભવાયો છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૮.૦ મપાઈ હતી. જોકે ભૂકંપને કારણે હજુ સુધી કોઈ જાનહાનિ કે માલહાનિના અહેવાલ સામે આવ્યા નથી પરંતુ વિસ્તારમાં સુનામીનું એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. અહેવાલ અનુસાર આ ભૂકંપના આંચકા ડ્રેક પેસેજ વિસ્તારમાં અનુભવાયા હતા. આ એક ઊંડો અને પહોળો દરિયાઈ માર્ગ છે જે દક્ષિણ પશ્ચિમ એટલાન્ટિક મહાસાગર અને દક્ષિણ પૂર્વ પેસિફિક મહાસાગરને જોડે છે. USGS ના ડેટા અનુસાર, ભૂકંપ ૧૦.૮ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયો હતો. તમને જણાવી દઈએ કે પૃથ્વીની અંદર સાત ટેક્ટોનિક પ્લેટો છે. આ પ્લેટો સતત ફરતી રહે છે. જ્યારે આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે, એકબીજા સામે ઘસાય છે, એકબીજા પર ચઢી જાય છે અથવા એકબીજાથી દૂર જાય છે, ત્યારે જમીન ધ્રુજવા લાગે છે. તેને જ ભૂકંપ કહેવામાં આવે છે. ભૂકંપ માપવા માટે રિક્ટર સ્કેલનો ઉપયોગ થાય છે. જેને રિક્ટર મેગ્નિટ્યુડ સ્કેલ કહેવામાં આવે છે.દ.અમેરિકામાં ભૂકંપનો જોરદાર આંચકો અનુભવાયો છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૮.૦ મપાઈ હતી. જોકે ભૂકંપને કારણે હજુ સુધી કોઈ જાનહાનિ કે માલહાનિના અહેવાલ સામે આવ્યા નથી પરંતુ વિસ્તારમાં સુનામીનું એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. અહેવાલ અનુસાર આ ભૂકંપના આંચકા ડ્રેક પેસેજ વિસ્તારમાં અનુભવાયા હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારની મુલાકાતે

# પીએમ હોય કે સીએમ, જામીન ન મળ્યા તો છોડવી પડશે ખુરશી', બિહારમાં પીએમ મોદીનું મોટું નિવેદન

**પીએમ મોદીએ ગયામાં તેમણે ૧૨,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યુ હતું । એક જનસભાને સંબોધિત કરતાં લોકસભામાં રજૂ કરવામાં આવેલા નેતા-મંત્રીઓની ધરપકડના બિલ વિશે આક્રમક અંદાજમાં નિવેદન આપ્યું હતું**

। બિહાર, તા.૨૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારની મુલાકાતે છે. જ્યાં ગયામાં તેમણે ૧૨,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યુ હતું. ત્યારબાદ તેમણે એક જનસભાને સંબોધિત કરતાં લોકસભામાં રજૂ કરવામાં આવેલા નેતા-મંત્રીઓની ધરપકડના બિલ વિશે આક્રમક અંદાજમાં નિવેદન આપ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે, અમે એવો કડક કાયદો બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ, જેનો આરજેડી, કોંગ્રેસ અને લેફ્ટિસ્ટ પક્ષો વિરોધ કરી રહ્યા છે. તેઓ ગુસ્સામાં છે, ન જાણે તેમને શેનો ભય છે. જેણે પાપ કર્યા હોય છે, તે પોતાના પાપ છુપાવે છે. પરંતુ અંદરથી જાણતો હોય છે કે, શું રમત રમાઈ છે. આ આરજેડી અને કોંગ્રેસના અનેક નેતાઓ જામીન પર બહાર છે. તો ઘણા કોર્ટના ધક્કા ખાઈ રહ્યાછે. જે જામીન



પર બહાર ફરી રહ્યા છે, તે કાયદાનો વિરોધ કરે છે. તેમને લાગે છે કે, જેલમાં ગયા તો તમામ સપના ચકનાચૂર થઈ જશે. આથી સવાર-સાંજ આ લોકો મોદીને જાત-ભાતની ગાળો આપે છે. તેઓ એટલી હદે ગભરાઈ ગયા છે કે, જનહિતના કાયદાનો વિરોધ કરી રહ્યા છે. રાજેન્દ્રબાબુ અને બાબા સાહેબે ક્યારેય વિચાર્યુ ન હતું કે, સત્તાના ભૂખ્યા લોકો ભ્રષ્ટાચાર કરશે. જેલમાં જઈને પણ શાસન કરશે. હવે ભ્રષ્ટાચારી જેલમાં પણ જશે અને ખુરશી પણ જશે. દેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાનો સંકલ્પ દેશવાસીઓનો છે.

વધુમાં મોદીએ કહ્યું કે, બંધારણ દરેક જનપ્રતિનિધિ પાસે પ્રમાણિકતા અને પારદર્શિતાની અપેક્ષા રાખે છે. અમે બંધારણની મર્યાદાનો લાભ લેતાં જોઈ શકીશુ નહીં. આથી એનડીએ સરકાર ભ્રષ્ટાચાર વિરૂદ્ધ એક એવો કાયદો લઈ આવી છે કે,જેમાં દેશના વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. પીએમ હોય કે સીએમ કે પછી મંત્રી, ધરપકડના ૩૦ દિવસની અંદર જામીન ન મળ્યા તો ૩૧માં દિવસે તેમણે ખુરશી છોડવી પડશે.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જણાવ્યું કે, આજે વડાપ્રધાને રાજ્યભરમાં વીજળી, માર્ગ અને શહેરી વિકાસ સાથે જોડાયેલી ૧૨ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો છે. તેમણે બે ટ્રેનને લીલી ઝંડી પણ બતાવી છે. આ યોજનાઓ પાછળ રૂ. ૧૨૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થશે. પીએમ મોદીએ ગયામાં તેમણે ૧૨,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યુ હતું.

## ઉત્તરાખંડમાં ૯મા ધોરણના વિદ્યાર્થીએ શિક્ષકને ગોળી મારી, લંચ બોક્સમાં છુપાવીને લાવ્યો હતો બંદૂક

। નવી દિલ્હી, તા.૨૧ ।

ઉત્તરાખંડના ઉધમસિંહ નગર જિલ્લામાં એક વિદ્યાર્થીએ શિક્ષકને ગોળી મારી દીધી છે. શિક્ષકે વિદ્યાર્થીને લાફો મારતાં તે ગુસ્સામાં હતો. ઈજાગ્રસ્ત શિક્ષકને સારવાર હેઠળ નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત ગંભીર છે. આ દુર્ઘટનાનો સ્થાનિક શિક્ષકોએ ભારે વિરોધ કર્યો છે. શાળાના શિક્ષકો ધરણા પર બેઠા છે. ઉધમસિંહ નગર જિલ્લામાં પણ શાળાઓમાં બંધનું એલાન આપવામાં આવ્યું છે. ઉધમસિંહ નગર જિલ્લાના કાશીપુરમાં આવેલી એક શાળામાં નવમા ધોરણમાં અભ્યાસ કરતાં એક વિદ્યાર્થીએ પોતાના જ વર્ગશિક્ષક પર જીવલેણ હુમલો કર્યો હતો. સૂત્રો અનુસાર, વિદ્યાર્થી લંચ બોક્સમાં પિસ્તોલ છુપાવીને લાવ્યો હતો. અચાનક શિક્ષક પર હુમલો કરી દીધો હતો. ગંભીર રૂપે ઘાયલ શિક્ષકને તુરંત હોસ્પિટલ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતાં. આ ઘટનાનો વિરોધ કરતાં સીબીએસઈ બોર્ડના શિક્ષકો હડતાળ પર ઉતર્યા છે. જાણવા મળ્યું છે કે, પીડિત શિક્ષકે અગાઉ આ વિદ્યાર્થીને લાફો માર્યો હતો. જેથી વિદ્યાર્થી ગુસ્સામાં હતો. તેણે આ લાફાનો બદલો લેવા શિક્ષકને ગોળી મારી હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે વિદ્યાર્થીની અટકાયત કરી છે.અમદાવાદની સેવન્થ ડે શાળામાં અભ્યાસ કરતાં આઠમા ધોરણના વિદ્યાર્થી મુસેફે ફિઝિક્સ સાધન વડે ધોરણ ૧૦ના વિદ્યાર્થી નયન સંતાણી પર હુમલો કર્યો હતો.

## ભારતીય ટીમને પાકિસ્તાન સાથે રમવાની છૂટ

। નવી દિલ્હી, તા.૨૨ ।

એશિયન ક્રિકેટ કાઉન્સિલે એશિયા કપની જાહેરાત કરી ત્યારથી પાકિસ્તાન સામેની ક્રિકેટ મેચ અંગે ભારતમાં ભારે હોબાળો મચ્યો છે. પહલગામમાં આતંકી હુમલા પછી પીએમ નરેન્દ્ર મોદીએ અનેક મંચ પરથી પાકિસ્તાનને સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે 'લોહી અને પાણી' સાથે વહી શકે નહીં. તેમની આ જાહેરાતના સંદર્ભમાં જ ક્રિકેટ ચાહકો એશિયા કપમાં પાકિસ્તાન સામેની મેચનો બહિષ્કાર કરવાની માગ કરી રહ્યા છે. દેશમાં ભારે વિરોધ વચ્ચે સ્પોર્ટ્સ મંત્રાલયે ગુરુવારે ભારતીય ક્રિકેટ ટીમને એશિયા કપમાં પાકિસ્તાન સામે રમવાની મંજૂરી આપી દીધી છે. મંત્રાલયે કહ્યું કે, ખેલાડીઓને તટસ્થ સ્થળ પર વૈશ્વિક ઈવેન્ટ્સમાં ભાગ લેતા રોકાશે નહીં.પહલગામમાં આતંકીઓએ હિન્દુઓની નામ પૂછીને હત્યા કર્યા પછી ભારતે પાકિસ્તાન સાથે દરેક પ્રકારના દ્વિપક્ષીય સંબંધો કાપી નાંખ્યા છે. આવા સમયે એશિયા કપ હેઠળ ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં ક્રિકેટ મેચ રમાવાની છે. એશિયા કપનો કાર્યક્રમ જાહેર થયા પછીથી અનેક ભૂતપૂર્વ ક્રિકેટરો, વરિષ્ઠ નેતાઓ સહિત નાગરિકો ભારતીય ક્રિકેટ ટીમની પાકિસ્તાન સામેની મેચનો વ્યાપક વિરોધ કરી રહ્યા છે, જેના પગલે એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે કે નહીં.

## ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો

# ચૂપ રહેશો તો ધમકાવનારાની તાકાત વધશે । યુએસના ટેરિફ અંગે ભારતને ચીનનો ટેકો

**અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત ઉપર મોટાપાયે ટેરિફ લાદ્યો છે । જેના પર ચીને ભારતને સમર્થન આપતાં અમેરિકા પર આકરા પ્રહારો કર્યા**

। નવી દિલ્હી, તા.૨૨ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વૉરએ વિશ્વના સમીકરણ બદલી નાખ્યા છે. અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર મોટાપાયે ટેરિફ લાદ્યો છે. જેના પર ચીને ભારતને સમર્થન આપતાં અમેરિકા પર આકરા પ્રહારો કર્યા છે.

ભારતમાં ચીનના રાજદૂત શૂ ફેહોંગે અમેરિકાને ગુંડાગીરી કરનારો દેશ ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, અમેરિકા લાંબા સમયથી મુક્ત વેપારનો લાભ લઈ રહ્યું હતું. પરંતુ હવે તે આ ટેરિફનો બાર્ગેનિંગ ચીપ તરીકે ઉપયોગ કરી રહ્યું છે. અમેરિકા તેની સામે મૌન રહેનારાઓને વધુ ધમકાવે છે. હેરાન કરે છે. અમેરિકાએ ભારત પર ૫૦ ટકા સુધીનો ટેરિફ લાદ્યો છે. ભારત પર મસમોટા ટેરિફ પર મૌન રહેવાથી માત્ર ગુંડાગીરી કરનારાઓ તાકાતવર બનશે. ચીન ભારત સાથે



અડીખમ ઉભુ છે.

અમેરિકાએ ભારત પર ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદ્યો હતો. બાદમાં રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. આમ, અમેરિકાએ રશિયા સાથે ક્રૂડ સહિતના વેપાર સંબંધો બંધ કરવા દબાણ કરતાં ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો હતો. અમેરિકાએ જે કારણ આપી ભારત વિરૂદ્ધ આ કાર્યવાહી હાથ ધરી છે. તેમાં રશિયા પાસેથી સૌથી વધુ ક્રૂડ તો ચીન ખરીદે છે. અન્ય યુરોપિયન દેશો પણ તેની સાથે વ્યવહાર કરે છે. પરંતુ તેમના પર કોઈ ટેરિફ કે પેનલ્ટી લાદી નથી. જેથી ટ્રમ્પના ભારત પર આ ટેરિફ વલણની ચારેકોર નિંદા થઈ રહી છે.

ભારતના સામાન માટે ચીનનુ બજાર મોકળું કરવા મુદ્દે ફેહોંગે જણાવ્યું કે, બંને દેશો વચ્ચે વેપાર સંબંધો વધુ મજબૂત બન્યા છે. ચીનના બજારમાં વધુને વધુ ભારતીય સામાનનું સ્વાગત છે. ભારત આઈટી, સોફ્ટવેર, બાયોમેડિસિન સેક્ટરમાં ચીનનું હરીફ છે. જ્યારે ચીન ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ન્યૂ એનર્જી ક્ષેત્રમાં વિસ્તરણ કરી રહ્યું છે. બંને દેશો આ જુદા-જુદા ક્ષેત્રોમાં એકબીજાને સમર્થન પૂરુ પાડશે. અમે ઈચ્છીએ છીએ કે, ભારત ચીનમાં વધુને વધુ રોકાણ કરે. તેમજ ચીનના કારોબારીઓને પણ ભારતમાં રોકાણ કરવા સારી તક મળે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વૉરએ વિશ્વના સમીકરણ બદલી નાખ્યા છે. અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર મોટાપાયે ટેરિફ લાદ્યો છે.

## ઘટના સવારે લગભગ સાડા છ વાગ્યે બની હતી

# સંસદ ભવનની સુરક્ષામાં મોટી ચૂક, દીવાલ કૂદી ગરુડ દ્વાર સુધી પહોંચેલો યુવક પકડાયો

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતના સંસદ ગૃહમાં સુરક્ષામાં મોટી ચૂક છે. એક અજાણ્યો શખસ દિવાલ કૂદી સંસદ ભવનમાં ઘુસી ગયો હતો. આટલું જ નહીં તે છેક ગરૂડ ભવન સુધી પહોંચી ગયો હતો. આ ઘટના સવારે લગભગ સાડા છ વાગ્યે બની હતી. રેલભવન તરફથી વૃક્ષ પર ચડી તેણે સંસદ ભવનની દિવાલ કુદાવી હતી. સુરક્ષા કર્મીઓની નજર પડતાં જ તેને તુરંત જ ઝડપી લીધો હતો. સુરક્ષા કર્મીઓએ ગરૂડ ભવન તરફ જતાં એક શખસને જોતાં તુરંત તેને અટકાવ્યો હતો. તેની અટકાયત કરી સંસદ ભવનમાં ઘૂસવા પાછળનું કારણ જાણવા પૂછપરછ હાથ ધરાઈ છે. આરોપીની ઓળખ હજુ સુધી થઈ નથી. ૨૦૨૩માં પણ સંસદ ભવનની સુરક્ષામાં ચૂક થઈ હતી. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સંસદ ભવનમાં છ લોકો ઘૂસી ગયા હતા. જેમાં સાગર શર્મા અને મનોરંજન નામના યુવકે લોકસભાની મુલાકાતીઓની ગેલેરીમાં પહોંચી પોતાના જૂતામાં છુપાયેલા ડબ્બામાંથી પીળો ધુમાડો છોડ્યો હતો. અન્ય બે યુવક અમોલ શિંદે અને નીલમ આઝાદ સૂત્રોચ્ચાર કરતાં અને રંગીન ધુમાડો છોડતા સંસદમાંથી બહાર નીકળ્યા હતાં. આ લોકોને મૈસુરના ભાજપના સાંસદ પ્રતાપ સિંહાના નામે પાસ આપવામાં આવ્યા હતા. લલિત જહાં અને મહેશ કુમાવત આ ઘટનાના મુખ્ય સૂત્રધાર હતા.દિલ્હી પોલીસે તમામ પાંચ લોકોની ધરપકડ કરી હતી. લલિત જહાં ફરાર થયો હતો.

છ આરોપી વિરૂદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. સંસદની સુરક્ષામાં ભંગ માટે કોની ભૂલ જવાબદાર હતી અને આરોપીઓ લોકસભાની અંદર પહોંચ્યા તે જાણવા માટે આ મામલાની તપાસ કરવા માટે સીઆરપીઓફ જનરલ ડિરેક્ટર અનિશ દયાલ સિંહના નેતૃત્વમાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. લોકસભા સચિવાલયના ૮ સુરક્ષા કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સંસદમાં સાંસદોના અંગત સહાયકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ



### એલ્વિશ યાદવના ઘરે ફાયરિંગ કરનારા શૂટરનું એન્કાઉન્ટર, ઈશાંત ઉર્ફે ઈશુના પગમાં ગોળી

। ઉત્તરપ્રદેશ, તા.૨૨ ।

શુક્રવારે વહેલી સવારે એક એન્કાઉન્ટરમાં બાદ ઉત્તરપ્રદેશના ફરીદાબાદની પોલીસે એલ્વિશ યાદવના ઘરે ૨૫ રાઉન્ડ ફાયરિંગ કરનારા આરોપી શૂટરનું એન્કાઉન્ટર કર્યુ હતું. જેમાં આરોપીને પગમાં ગોળી વાગી હતી. પછી ફરીદાબાદ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આરોપી શૂટરની ધરપકડ કરી હતી. પોલીસ સાથેની અથડામણ દરમિયાન બદમાશને પગમાં ગોળી વાગ્યા બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. એન્કાઉન્ટર દરમિયાન બંને તરફથી અનેક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ધરપકડ કરાયેલ આરોપીનું નામ ઈશાંત ઉર્ફે ઈશુ ગાંધી હોવાનું જાણવા મળી રહ્યું છે.૧૭ ઓગસ્ટ રવિવારની સવારે બે નકાબધારી હુમલાખોરોએ ગુરુગ્રામ સેક્ટર ૫૭માં યુટ્યુબર એલ્વિશ યાદવના ઘરની બહાર બે ડઝનથી વધુ ગોળીઓ ચલાવી હતી. ગોળીબાર પછી ભાઉ ગેંગે સોશિયલ મીડિયા પોસ્ટ પોસ્ટ કરીને હુમલાની જવાબદારી લીધી હતી. પોલીસે કહ્યું હતું કે એલ્વિશના ઘરે ગોળીબારની આ ઘટના સવારે ૫:૩૦ થી ૬ વાગ્યાની વચ્ચે બની હતી અને એલ્વિશ યાદવ તે સમયે ઘરે નહોતા. જોકે તેના પરિવારના કેટલાક સભ્યો ઘરે હતા, પરંતુ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. શુક્રવારે વહેલી સવારે એક એન્કાઉન્ટરમાં બાદ ઉત્તરપ્રદેશના ફરીદાબાદની પોલીસે એલ્વિશ યાદવના ઘરે ૨૫ રાઉન્ડ ફાયરિંગ કરનારા આરોપી શૂટરનું એન્કાઉન્ટર કર્યુ હતું. જેમાં આરોપીને પગમાં ગોળી વાગી હતી.

### ઉત્તરાખંડના દેહરાદૂનમાં વિદ્યાર્થીએ શિક્ષકને ગોળી મારી

। દેહરાદૂન, તા.૨૨ ।

ઉત્તરાખંડના ઉધમ સિંહ નગર જિલ્લામાં આવેલી એક ખાનગી શાળામાં ગગનદીપ સિંહ કોહલી ભૌતિક વિજ્ઞાન ભણાવે છે. આ સપ્તાહની શરૂઆતમાં તેમણે પોતાના એક વિદ્યાર્થીને લાફો માર્યો હતો. આ જ વિદ્યાર્થી લંચ બોક્સમાં બંદૂક લાવ્યો હતો અને તેણે કોહલીની પીઠમાં આ બંદૂકથી ગોળી મારી હતી.આ ઘટના ગુરુનાનક શાળામાં બની હતી. શિક્ષકને પીઠના ભાગમાં ગોળી વાગી હતી. તેમને તાત્કાલિક એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. ત્યાં તેમની ઈમરજન્સી સર્જરી કરવામાં આવી હતી. હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે ગોળી સફળતાપૂર્વક બહાર કાઢી લેવામાં આવી છે. કોહલી સ્થિતિ હાલમાં સ્થિર છે અને વધુ સમીક્ષા માટે તેમને આઈસીયુમાં ખસેડવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર હુમલો કરનાર વિદ્યાર્થી બંદૂક પોતાના લંચ બોક્સમાં છુપવીને લાવ્યો હતો. મિડ મોર્નિંગ રિસેશ પછી આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. જ્યારે કોહલી વર્ગખંડમાંથી બહાર નીકળી રહ્યાં હતાં ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.

## અમિષા પટેલ અને અનિલ શર્મા વચ્ચે આખરે સમાધાન

। મુંબઈ, તા.૨૨ ।

'ગદર' ફિલ્મના સર્જક અને આ ફિલ્મની હિરોઈન અમિષા પટેલ વચ્ચે સમાધાન થઈ ગયું છે. 'ગદર ટુ'ની રીલિઝ વખતે અમિષા પટેલે અનિલ શર્મા પર અનેક આક્ષેપો કર્યા હતા. જોકે, અનિલ શર્માએ કહ્યું છે કે સમય જતાં ઘણું બધું બદલાઈ જાય છે. હવે મારા અને અમિષા વચ્ચે કોઈ મનદુ:ખ નથી. અમે સાથે મળીને 'ગદર થ્રી' માટે કામ કરશું. અમિષા પટેલે અગાઉ જણાવ્યું હતું કે પોતે સ્ક્રિપ્ટ જોયા બાદ જ 'ગદર થ્રી'માં કામ કરવું કે નહિ તેનો નિર્ણય કરશે. 'ગદર ટુ'માં પોતાને બહુ ફૂટેજ નહિ મળ્યું હોવાનું તેણે જણાવ્યું હતું.

## કોઈ મહિલાનો ફોટો પાડવો એ ગુનો નથી : હિમાચલ હાઈકોર્ટ

। ગાઝિયાબાદ, તા.૨૨ ।

શિમલાઃ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે કહ્યું કે, કોઈ મહિલાની તસવીર લેવી એ પીછો કરવાના ગુનાની વ્યાખ્યામાં આવતું નથી. ન્યાયાધીશ રાકેશ કૈંથલે એક કેસની સુનાવણીમાં અરજદારને આગોતરા જામીન આપતા સ્પષ્ટ કર્યુ કે કોઈ મહિલાની તસવીર લેવી એ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૮ હેઠળ કોઈ મહિલાનો પીછો કરવાના ગુના જેવો દંડનીય અપરાધ નથી. આ સાથે હાઈકોર્ટે આરોપીના આગોતરા જામીન મંજૂર કરી દીધા હતા. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે કહ્યું કે, મહિલાએ અરુચીના સંકેત આપવા છતાં કોઈ વ્યક્તિ વારંવાર વ્યક્તિગત સંપર્ક વધારવા માટે તેનો સંપર્ક કરે અને મહિલાએ ઈન્ટરનેટ, ઈમેલ અથવા અન્ય પ્રકારન ઈલેક્ટ્રોનિક સંચારના ઉપયોગના નિરીક્ષણનો આરોપ મૂક્યો હોય તો તે પીછો કરવા અંગેની ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૮ હેઠળ બિન જામીનપાત્ર ગુનો બને છે. પરંતુ માત્ર કોઈ મહિલાની તસવીર લેવી એ આ કલમ હેઠળ ગુનો ગણાય નહીં. વર્તમાન કિસ્સામાં કોઈની તસવીર લેવીએ પ્રથમ દૃષ્ટિએ પીછો કરવાના ગુનાની પરિભાષાને પૂરો કરતી નથી.હાઈકોર્ટે કહ્યું કે, ફરિયાદમાં આરોપ એ નથી દર્શાવતા કે આરોપીએ ફરિયાદીનાં પત્નીનો પીછો કર્યો હતો અને વ્યક્તિગત સંપર્ક વધારવા માટે તેનો સંપર્ક કર્યો હતો. આરોપી પર એકમાત્ર આરોપ એ છે કે અરજદારે ફરિયાદીનાં પત્નીની તસવીરો લીધી હતી. હાઈકોર્ટે અરજદારને જામીન આપતા સ્વીકાર્યું કે સ્ટેટસ રિપોર્ટ પણ એ નથી દર્શાવતી કે અરજદારની ધરપકડ કરી પૂછપરછની જરૂર છે.

**સુધારા અંગે બંને ગૃહોમાં દરરોજ વિક્ષેપ** | **લોકસભામાં ૧૨ અને રાજ્યસભામાં ૧૫ બિલો પસારવિપક્ષ દ્વારા દરરોજ હોબાળો કરવામાં આવતો હોવા છતાં સરકાર પોતાના એજન્ડા પર આગળ વધતી રહી હતી**

# બિહાર મતદાર યાદી સુધારણા મુદ્દે ધમાલ વચ્ચે સંસદનું ચોમાસુ સત્ર અંતે પૂરું થયું

। નવી દિલ્હી, તા.૨૨ ।

આજે સમાપ્ત થયેલા અને એક મહિના સુધી ચાલેલા સંસદના ચોમાસુ સત્રમાં બિહારમાં મતદાર યાદીઓની ચાલી રહેલી ખાસ સઘન સુધારા (એસઆઈઆર) અંગે બંને ગૃહોમાં દરરોજ વિક્ષેપ જોવા મળ્યો હતો.ચોમાસુ સત્રમાં વિપક્ષના હોબાળા અને વોકઆઉટ છતાં લોકસભામાં ૧૨ અને રાજ્યસભામાં ૧૫ બિલો પસારવિપક્ષ દ્વારા દરરોજ હોબાળો કરવામાં આવતો હોવા છતાં સરકાર પોતાના એજન્ડા પર આગળ વધતી રહી હતી અને વિક્ષેપો વચ્ચે બિલો પસાર કરવામાં આવ્યા હતાં.ગંભીર અપરાધોમાં ધરપકડ કરાયેલા વડાપ્રધાન, મુખ્યપ્રધાનો અને પ્રધાનોને હટાવવાની જોગવાઈ



ધરાવતું બિલ ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવતા ઉગ્ર ચર્ચા શરૂ થઈ ગઈ હતી. અમિત શાહ બિલ રજૂ કરવા માટે આગળ આવ્યા કે તરત જ હોબાળો વધી ગયો હતો. વિરોધ પક્ષના સાંસદોએ આ બિલની નકલો ફાડી નાખી હતી જેના કારણે સત્તા અને વિપક્ષના સભ્યો સામસામે આવી ગયા હતાં. હોબાળાના કારણે સંસદના ચોમાસુ સત્રમાં ૮૪ કલાક વેડફાઈ ગયા હતાં. ૧૮મી લોકસભામાં કોઈ એક સત્રમાં વેડફાયેલા આ સૌથી વધુ કલાકો છે. ૨૧ જુલાઈએ શરૂ થયેલા સંસદના ચોમાસુ સત્રમાં ૩૭ કલાક ૭ મિનિટ કાર્ય થયું હતું. વિપક્ષના હોબાળા, વોકઆઉટની વચ્ચે લોકસભામાં ૧૨ અને રાજ્યસભામાં ૧૫ બિલો પસાર કરવામાં આવ્યા હતાં. વિપક્ષના હોબાળા અંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે સાંસદોની વર્તણૂક બિનસંસદીય હતી.

તેમણે વિપક્ષના હોબાળાને કમનસીબ ગણાવ્યો હતો.

આ દરમિયાન સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ સંસદના ચોમાસુ સત્રને સરકાર અને દેશ માટે ફળદાયી અને વિરોધ પક્ષ માટે નિષ્ફળ ગણાવ્યું હતું. આજે સમાપ્ત થયેલા અને એક મહિના સુધી ચાલેલા સંસદના ચોમાસુ સત્રમાં બિહારમાં મતદાર યાદીઓની ચાલી રહેલી ખાસ સઘન સુધારા (એસઆઈઆર) અંગે બંને ગૃહોમાં દરરોજ વિક્ષેપ જોવા મળ્યો હતો.ચોમાસુ સત્રમાં વિપક્ષના હોબાળા અને વોકઆઉટ છતાં લોકસભામાં ૧૨ અને રાજ્યસભામાં ૧૫ બિલો પસારવિપક્ષ દ્વારા દરરોજ હોબાળો કરવામાં આવતો હોવા છતાં સરકાર પોતાના એજન્ડા પર આગળ વધતી રહી હતી.

# યુદ્ધની તૈયારીમાં ‘શાંતિદૂત’ ટ્રમ્પ ? અમેરિકાએ ૩ યુદ્ધ જહાજ, ૪૦૦૦ સૈનિકો વેનેઝુએલા રવાના કર્યા





વોશિંગ્ટન (ડીસી) : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એઝીઝ પ્રકારની ગાઈડેડ મિસાઈલ ડીસ્ટ્રોયર તેવા ત્રણ વિશાળ યુદ્ધ જહાજો, વેનેઝુએલાના જળ ક્ષેત્ર તરફ રવાના કર્યા છે. તે ઉપરાંત ૪૦૦૦ અત્યંત તાલિમબદ્ધ અને સક્ષમ સૈનિકો મરીન્સ પણ મોકલવાની યોજના ઘડી રહ્યા છે.આ માહિતી આપતા એક અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પ માને છે કે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અમેરિકામાં થઈ રહેલી ડ્રગ તસ્કરીને સાથ આપી રહ્યા છે.પ્રમુખ માદુરો ઉપર તે કારણસર જ ટ્રમ્પનાં નિશાન પર હશે, તેમ પણ કેટલાકનું માનવું છે. આ મહિનાની શરૂઆતમાં તેના ઉપરનું ઈનામ બમણું કરી ૫૦ મિલિયન ડોલર કરી નખાયું છે.છેલ્લી બે ચૂંટણીમાં માદુરોને મળેલી જીતને અમેરિકાએ સ્વીકાર્ય ગણી નથી. ઉપરાંત અમેરિકાએ તેમની ઉપર કાર્ટેલ-દે-બેસ- સોલ્સ‘ (કાર્ટલ ઓફ ધી સન્સ) નામક કોકેન- તસ્કર ગેંગનું નેતૃત્વ કરવાનો આક્ષેપ મુક્યો છે.આ તબક્કે તે પણ ઉલ્લેખનીય છે કે, કયુબાના દિવંગત પ્રમુખ ફીડેલ કાસ્ટ્રોની જેવા જ માદુરો પણ કટ્ટર સામ્યવાદી અને અમેરિકા વિરોધી છે.ગયા મહિને ટ્રમ્પ વહીવટી તંત્રે તે ગેંગને આતંકવાદી ટોપી જેવું નામ આપ્યું હતું અને કહ્યું હતું કે, પ્રમુખ માદુરો તેના ગુપ્ત રીતે ખરા અર્થમાં નેતા છે.મંગળવારે વ્હાઈટ હાઉસ પ્રેસ બ્રિફીંગમાં પૂછવામાં આવ્યું ત્યારે તેના જવાબમાં કહેવામાં આવ્યું કે - ડ્રગ્સની તસ્કરી રોકવા દરેક વિકલ્પો વિચારાઈ રહ્યા છે.

## લાપત્તા લેડીઝની નિતાંશીને સની દેઓલ સાથે ફિલ્મ મળી



। મુંબઈ, તા.૨૨ ।

મુંબઈ : ‘લાપત્તા લેડીઝ’ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવનારી નિતાંશી ગોયલને સની દેઓલ સાથે એક ફિલ્મ મળી છે. આ ફિલ્મનું દિગ્દર્શન સિદ્ધાર્થ પી. મલ્હોત્રા કરશે. આ ફિલ્મ હોલીવૂડ થ્રીલર ‘ડેથ સેન્ટેસ‘ પર આધારિત હોવાનું કહેવાય છે. તેનો હિંદી સ્ક્રીન પ્લે સુપર્ણ વર્માએ લખ્યો છે. ફિલ્મનું શૂટિંગ આ વર્ષે જ શરુ કરવામાં આવશે. નિતાંશીએ ‘લાપત્તા લેડીઝ’માં ફૂલ કુમારીની ભૂમિકામાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તાજેતરમાં કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં રેડ કાર્પેટ પર વોક કરીને તે વધુ પ્રસિદ્ધ બની હતી. નિતાંશી સોશિયલ મીડિયા પર ભારે લોકપ્રિય છે.લાપત્તા લેડીઝની નિતાંશીને સની દેઓલ સાથે ફિલ્મ મળી.

‘લાપત્તા લેડીઝ’ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવનારી નિતાંશી ગોયલને સની દેઓલ સાથે એક ફિલ્મ મળી છે. આ ફિલ્મનું દિગ્દર્શન સિદ્ધાર્થ પી. મલ્હોત્રા કરશે. આ ફિલ્મ હોલીવૂડ થ્રીલર ‘ડેથ સેન્ટેસ‘ પર આધારિત હોવાનું કહેવાય છે. તેનો હિંદી સ્ક્રીન પ્લે સુપર્ણ વર્માએ લખ્યો છે. ફિલ્મનું શૂટિંગ આ વર્ષે જ શરુ કરવામાં આવશે. નિતાંશીએ ‘લાપત્તા લેડીઝ’માં ફૂલ કુમારીની ભૂમિકામાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તાજેતરમાં કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં રેડ કાર્પેટ પર વોક કરીને તે વધુ પ્રસિદ્ધ બની હતી.

### અમેરિકાનો મોટો નિર્ણય

## અમેરિકા દ્વારા અકસ્માતને બહાનું બનાવી કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરના વર્કર વિઝા અટકાવ્યા

**વર્કર વિઝા રોકવા પાછળનું કારણ ભારતમાંથી ગેરકાયદેસર રીતે અમેરિકા ગયેલો હરજિન્દર સિંહ છે । જેણે એક ભૂલને કારણે મોટો અકસ્માત સર્જ્યો હતો, જેમાં ત્રણ લોકોના જીવ ગયા હતા**

। નવી દિલ્હી, તા.૨૨ ।

અમેરિકાએ તમામ વિદેશી ટ્રક ડ્રાઈવરો માટે વિઝા ઈશ્યૂ કરવાનું તાત્કાલિક ધોરણે બંધ કરી દીધું છે. યુએસના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ૨૧ ઓગસ્ટે ૮ પર આ અંગે જાહેરાત કરતા લખ્યું કે, ‘અમે તાત્કાલિક અસરથી કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરો માટે વર્કર વિઝા ઈશ્યૂ કરવાનું બંધ કરી રહ્યા છીએ. વર્કર વિઝા રોકવા પાછળનું કારણ ભારતમાંથી ગેરકાયદેસર રીતે અમેરિકા ગયેલો હરજિન્દર સિંહ છે, જેણે એક ભૂલને કારણે મોટો અકસ્માત સર્જ્યો હતો, જેમાં ત્રણ લોકોના જીવ ગયા હતા.



રુબિયોએ વધુમાં લખ્યું કે, ‘અમેરિકાના રસ્તાઓ પર મોટા ટ્રેક્ટર-ટ્રેલર ટ્રક ચલાવતા વિદેશી ડ્રાઈવરોની વધતી સંખ્યા અમેરિકનોના જીવનને જોખમમાં મૂકી રહી છે અને અમેરિકન ટ્રક ડ્રાઈવરોની આજીવિકા ઘટી રહી છે.’અમેરિકામાં આ કાર્યવાહી એક મોટા અકસ્માત બાદ કરવામાં આવી છે. ફ્લોરિડાના એક હાઈવે પર ટ્રેક્ટર-ટ્રેલર ચલાવી રહેલા હરજિન્દર સિંહે જ્યાંથી મંજૂરી નહોતી ત્યાંથી યુ-ટર્ન લીધો, જેના કારણે પાછળ આવી રહેલી કારનો અકસ્માત થયો. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા. હરજિન્દર પર બેદરકારીથી વાહન ચલાવીને હત્યા કરવાનો આરોપ મૂકાયો છે.

અમેરિકાના ફેડરલ અધિકારીઓ અનુસાર, હરજિન્દર સિંહ ભારતનો છે. તેણે કથિત રીતે મેક્સિકોના રસ્તે ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કર્યો હતો. અકસ્માત બાદ તે અંગ્રેજીની પરીક્ષામાં પણ નિષ્ફળ ગયો. આ મામલો અમેરિકન મીડિયામાં ખૂબ ચર્ચામાં છે અને ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના નિયંત્રણવાળા ફ્લોરિડામાં અધિકારીઓ દ્વારા તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.આ દુર્ઘટનાએ એક રાજકીય સ્વરૂપ પણ ધારણ કરી લીધું છે. તેનું કારણ એ છે કે હરજિન્દર સિંહે પોતાનું કમર્શિયલ લાઈસન્સ કેલિફોર્નિયાથી લીધું છે અને ત્યાં જ રહે છે. હવે કેલિફોર્નિયા પર ટ્રમ્પના વિરોધી ડેમોક્રેટિક પાર્ટીનું શાસન છે અને તે ઈમિગ્રેશન પર ટ્રમ્પની કાર્યવાહીનો વિરોધ કરે છે.ટ્રમ્પ પ્રશાસને આ દુર્ઘટના માટે કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસોમને જવાબદાર ગણાવ્યા છે, કારણ કે હરજિન્દર સિંહને લાઈસન્સ કેલિફોર્નિયાથી જ આપવામાં આવ્યું હતું. તે સામે ગવર્નર ગેવિન ન્યૂસોમની ઓફિસે જવાબ આપ્યો કે ટ્રમ્પના શાસન હેઠળ જ ફેડરલ સરકારે હરજિન્દર સિંહને તેનું વર્ક પરમિટ આપ્યું હતું અને કેલિફોર્નિયાએ તેના પ્રત્યાર્પણમાં સહયોગ કર્યો છે.

### નિક્કી હેલીએ ભારત પર ટ્રમ્પના ટેરિફને મૂર્ખામી ગણાવી

## લોકશાહી મૂલ્યોને વરેલા ભારતને વ્યૂહાત્મક ભાગીદાર ન ગણવું સૌથી મોટી ભૂલ

**ભારત સામ્યવાદી ચીનની જેમ કોઈને ડરાવતું નથી, પણ દરેક દેશને હંમેશા મદદ કરતું આવ્યું છે : હેલી**

। વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાનાં યુનો સ્થિત પૂર્વ રાજદૂત નિક્કી હેઈલીએ ભારતને વિશિષ્ટ મુક્ત અને લોકશાહી ધરાવતું મહત્વનું ભાગીદાર ન ગણવા સામે ચેતવણી ઉચ્ચારી હતી અને કહ્યું હતું કે વાસ્તવમાં ભારત ચાયના સામેનું કાઉન્ટર વેઈટ છે. કોમ્યુનિસ્ટ ચાયનાની જેમ ભારત ડરાવતુ નથી. સાથે કહ્યું કે ભારતને મહત્વનું ભાગીદાર ન ગણવાથી ભારે મોટી વ્યૂહાત્મક ખાના ખરાબી થઈ જશે. રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ટ્રમ્પે ભારત ઉપર ૨૫ ટકા ટેરિફ વત્તા ૨૫ ટકા દંડાત્મક ડ્યુટી લગાડવાના ટ્રમ્પના નિર્ણયની નિક્કી હેલીએ ઉગ્ર ટીકા કરતાં આ પ્રમાણે કહ્યું હતું.તે સર્વવિદિત છે કે તા. ૨૭ ઓગસ્ટથી ટ્રમ્પ ભારત ઉપર ૨૫% + ૨૫% તેમ મળી કુલ ૫૦ ટકા આયાત કર લગાડવાના છે.ટ્રમ્પના આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કરતાં કહ્યું હતું કે રશિયામાંથી સૌથી વધુ તેલ ખરીદનાર તો ચાયના છે. તેની ઉપરથી ડ્યુટી હળવી કરાઈ છે. જ્યારે ભારતીય માલ સામાન અને સેવાઓ ઉપર તે બમણી કરી ૫૦ ટકા કરવામાં આવી છે. પરિણામ તે પણ આવી શકે કે પચ્ચીશ પચ્ચીશ વર્ષથી મહામેહનતે ભારત સાથે સુધારેલા સંબંધો ઉપર પાણી ફરી વળશે. કોમ્યુનિસ્ટના અંકૂશ નીચેનું ચાયના મુક્ત જગત માટે ભયાવહ બની રહ્યું છે તે દુનિયા આખીને ડરાવે છે. ચીન એશિયા ઉપર પોતાની સર્વોપરિતા સ્થાપવા માગે છે તો ભારત સૌને સહાયભૂત થતું રહ્યું છે. આથી ચાયના સામે ભારત કાઉન્ટર વેઈટ બની શકે તે સમજવા માટે જાઝી બુદ્ધિ ચલાવવાની પણ જરૂર નથી તેમ યુએન યુ.એ.સ્થિત અમેરિકાનાં પૂર્વરાજદૂતે જણાવ્યું હતું.આ સાથે તેઓએ ભારતને સલાહ આપી હતી કે રશિયામાંથી તેલ ખરીદવાનું બંધ કરવું જોઈએ. અથવા બને તેટલું ઓછું ખરીદવું જોઈએ.ઉલ્લેખનીય છે કે ભારત તેની તેલની જરૂરિયાત પૂરી કરવા વિદેશોમાંથી આયાત કરાતાં તેલ પૈકી ૪૦ ટકા જેટલું તેલ તે રશિયા પાસેથી જ ખરીદે છે તે ઉપરાંત ૮૦ ટકા જેટલી તેની શસ્ત્ર સામગ્રીની જરૂરિયાત તે રશિયા પાસેથી આયાત કરી પૂરી કરે છે.અમેરિકાનાં યુનો સ્થિત પૂર્વ રાજદૂત નિક્કી હેઈલીએ ભારતને વિશિષ્ટ મુક્ત અને લોકશાહી ધરાવતું મહત્વનું ભાગીદાર ન ગણવા સામે ચેતવણી ઉચ્ચારી હતી અને કહ્યું હતું કે વાસ્તવમાં ભારત ચાયના સામેનું કાઉન્ટર વેઈટ છે.

## દીપિકા અને અલ્લુ અર્જુન નવેમ્બરથી સાથે શૂટિંગ કરશે



। મુંબઈ, તા.૨૨ ।

અલ્લુ અર્જુન અને દીપિકા આગામી નવેમ્બરથી એટલીની ફિલ્મનું શૂટિંગ શરુ કરશે. એટલીની ફિલ્મનું શિડયૂલ નક્કી થયું. - ૧૦૦ દિવસનું સળંગ શિડયૂલ ગોઠવાશે, ફિલ્મ ૨૦૨૭માં રીલિઝ થવાની સંભાવના આ ફિલ્મ માટે ૧૦૦ દિવસનું શિડયૂલ નક્કી કરાયું છે. ૨૦૨૬માં પણ અનેક દિવસો સુધી શૂટિંગ શરુ કરાશે. ફિલ્મ ૨૦૨૭માં રીલિઝ થવાની છે. ફિલ્મમાં દીપિકા એક વોરિયરના પાત્રમાં હોવાથી તેણે અત્યારથી આ માટે ટ્રેનિંગ શરુ કરી દીધી છે. દીપિકાએ શૂટિંગ માટે સળંગ દિવસો ફાળવ્યા છે. અલ્લૂ અર્જુન આ ફિલ્મમાં ત્રણ ભૂમિકાઓમાં જોવા મળવાનો છે. તે જુદાં જુદાં ગેટ અપમાં દેખાશે. અલ્લુ હાલ ફક્ત આ જ પ્રોજેક્ટ પર ધ્યાન આપી રહ્યો છે. અલ્લુ અર્જુન અને દીપિકા આગામી નવેમ્બરથી એટલીની ફિલ્મનું શૂટિંગ શરુ કરશે. એટલીની ફિલ્મનું શિડયૂલ નક્કી થયું. - ૧૦૦ દિવસનું સળંગ શિડયૂલ ગોઠવાશે, ફિલ્મ ૨૦૨૭માં રીલિઝ થવાની સંભાવના આ ફિલ્મ માટે ૧૦૦ દિવસનું શિડયૂલ નક્કી કરાયું છે. ૨૦૨૬માં પણ અનેક દિવસો સુધી શૂટિંગ શરુ કરાશે. ફિલ્મ ૨૦૨૭માં રીલિઝ થવાની છે. ફિલ્મમાં દીપિકા એક વોરિયરના પાત્રમાં હોવાથી તેણે અત્યારથી આ માટે ટ્રેનિંગ શરુ કરી દીધી છે. દીપિકાએ શૂટિંગ માટે સળંગ દિવસો ફાળવ્યા છે. અલ્લૂ અર્જુન આ ફિલ્મમાં ત્રણ ભૂમિકાઓમાં જોવા મળવાનો છે.

## પાક.માં હિન્દુઓનું ધર્માંતરણ, મોબ લિન્ચિંગ, બળજબરીથી લગ્નો વધ્યા

। ઇસ્લામાબાદ, તા.૨૨ ।

પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આ ખુલાસો પાકિસ્તાન માનવ અધિકાર સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ પરનો અત્યાચાર બહુ જ ઝડપથી વધી રહ્યો છે. અનેક હિન્દુ-ખ્રિસ્તી સગીરાઓનું ધર્માંતરણ કરવામાં આવે છે, સગીર વયે જ બળજબરીથી તેમની સાથે લગ્ન કરવામાં આવે છે. પાકિસ્તાન માનવ અધિકાર પંચ દ્વારા લાહોરમાં એક કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ, ખ્રિસ્તી, અહમદીસ વગેરે પર અત્યાચારોનું પ્રમાણ વધી રહ્યું છે. તેમના ધાર્મિક સ્થળોનો નાશ કરવામાં આવી રહ્યો છે. તેમનું ટાર્ગેટ કિલિંગ પણ વધી રહ્યું છે. સૌથી વધુ પંજાબ અને સિંધ પ્રાંતમાં હિન્દુ યુવતીઓને નિશાન બનાવવામાં આવી રહી છે. ધર્માંતરણ, બળજબરીથી લગ્ન કરવા તેમજ અપહરણ અને બળાત્કારની ઘટનાઓ સામે આવતી હોય છે. એવામાં હવે હિન્દુઓ પર ઈશનિંદાનો આરોપ લગાવીને તેમનું મોબ લિન્ચિંગ કરવાની ઘટનાનું પ્રમાણ પણ વધ્યું છે. હિન્દુઓ પર ગમે ત્યારે ઈશનિંદાનો આરોપ લગાવી દેવાય છે અને કટ્ટરવાદીઓ પોતે જ તેનો ફેસલો કરીને હત્યા માટે હુમલા કરી દે છે.

## રશિયા-યુક્રેન સીઝફાયર અંગે ટ્રમ્પનો ફરી યુ-ટર્ન, કહ્યું- પહેલા પુતિન-ઝેલેન્સ્કી વાતચીત કરે

। વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોમાં યુ-ટર્ન લેતા સીધા હસ્તક્ષેપથી પીછેહઠ કરવાનો નિર્ણય લીધો છે. આ મામલે સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું કે ટ્રમ્પ ઈચ્છે છે કે રશિયન રાષ્ટ્રપતિ અને ઝેલેન્સ્કી પહેલા અમેરિકાની મધ્યસ્થી વિના એકબીજા સાથે મુલાકાત કરે. એક અહેવાલ અનુસાર વહીવટી અધિકારીઓ કહે છે કે ટ્રમ્પે શાંતિ મંત્રણાના આગામી તબક્કામાં સીધા ભાગ ન લેવાનો નિર્ણય લીધો છે. તેના બદલે, તેઓ ઈચ્છે છે કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી પહેલા અમેરિકાની મધ્યસ્થી વિના એકબીજાને મળે.અમેરિકાના એક અધિકારીએ કહ્યું, ‘ટ્રમ્પના મતે, યુક્રેનમાં યુદ્ધને સમાપ્ત કરવા માટેનું આગળનું પગલું વ્લાદિમીર પુતિન અને ઝેલેન્સ્કી વચ્ચે દ્વિપક્ષીય બેઠક પર નિર્ભર કરે છે. આ બેઠક ખરેખર થશે કે નહીં તે અનિશ્ચિત છે.’રશિયા-યુક્રેન સીઝફાયર અંગે ટ્રમ્પનો ફરી યુ-ટર્ન, કહ્યું- પહેલા પુતિન-ઝેલેન્સ્કી વાતચીત કરેઅમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોમાં યુ-ટર્ન લેતા સીધા હસ્તક્ષેપથી પીછેહઠ કરવાનો નિર્ણય લીધો છે. આ મામલે સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું કે ટ્રમ્પ ઈચ્છે છે કે રશિયન રાષ્ટ્રપતિ અને ઝેલેન્સ્કી પહેલા અમેરિકાની મધ્યસ્થી વિના એકબીજા સાથે મુલાકાત કરે. એક અહેવાલ અનુસાર વહીવટી અધિકારીઓ કહે છે કે ટ્રમ્પે શાંતિ મંત્રણાના આગામી તબક્કામાં સીધા ભાગ ન લેવાનો નિર્ણય લીધો છે. તેના બદલે, તેઓ ઈચ્છે છે કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી પહેલા અમેરિકાની મધ્યસ્થી વિના એકબીજાને મળે.

### રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે | રશિયાના હુમલામાં પહેલી વખત જ અમેરિકન ઇલેક્ટ્રોનિક્સ ફેક્ટરી ભોગ બન્યાનો યુક્રેનનો દાવો

## રશિયાનો ૫૭૪ ડ્રોન । ૪૦ મિસાઇલથી યુક્રેન ઉપર હુમલો

। કીવ, તા.૨૨ ।

અમેરિકા દ્વારા રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે કરાયેલી શાંતિ મંત્રણા માટે ચાલતા પ્રયાસો વચ્ચે રશિયાએ યુક્રેન પર ૫૭૪ ડ્રોન અને ૪૦ મિસાઈલ સાથે ભીષણ હુમલો કર્યો હતો. અમેરિકા ચાર વર્ષથી ચાલતા આ યુદ્ધને ખતમ કરવા પ્રયત્નશીલ છે, પરંતુ બંનેમાંથી એકપણ દેશ પીછેહઠ કરવા તૈયાર નથી. ટ્રમ્પે શાંતિ કે યુદ્ધવિરામ માટે તાજેતરમાં અલાસ્કામાં પુતિન સાથે બેઠક યોજી હતી, પણ તેનું પરિણામ આવ્યું નથી. યુક્રેનના હવાઈદળે દાવો કર્યો કે રશિયાએ તેના પર અત્યાર સુધીનો બીજા નંબરનો હવાઈહુમલો કર્યો હતો. તેમા ૫૭૪ ડ્રોન અને ૪૦ મિસાઈલ સામેલ હતા. આ હુમલામાં



યુક્રેનના પશ્ચિમી વિસ્તારોને લક્ષ્યાંક બનાવવામાં આવ્યા હતા, જેમા એકનું મોત થયું હતું અને ૧૫ને ઈજા થઈ હતી.

તાજેતરના હુમલા પછી યુક્રેનના પ્રેસિડેન્ટ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે મોસ્કો તરફથી કોઈ સંકેત મળી રહ્યા નથી જે બતાવે કે તે યુદ્ધ ખતમ કરવા તૈયાર છે અને તેમની વચ્ચે મંત્રણા સારી રીતે ચાલી રહી છે.ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયાએ કરેલો આ હુમલો અમેરિકન કંપની પર થયો હતો. તેમા ૧૫ લોકો ઈજા પામ્યા છે. તેમણે જણાવ્યું હતું કે તે યુરોપમાં કોઈ તટસ્થ સ્થળે પુતિનને મળવા માંગે છે. આ તટસ્થ દેશમાં ઓસ્ટ્રિયા, સ્વિટ્ઝરલેન્ડ અને તુર્કી હોઈ શકે છે. યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સાઈબિહાએ જણાવ્યું હતું કે રશિયાએ પશ્ચિમી યુક્રેનમાં એક અગ્રણી અમેરિકન ઈલેકટ્રોનિક્સ ઉત્પાદક પર હુમલો કર્યો. યુક્રનમાં આવેલી આ અમેરિકન ફેક્ટરી યુદ્ધક્ષેત્રથી ઘણી દૂર છેક હંગેરીની સરહદ નજીક આવેલી છે. યુક્રેનને પશ્ચિમ તરફથી આપવામાં આવતી લશ્કરી મદદ ત્યાં પહોંચાડવામાં આવતી હોવાથી રશિયાએ આ સ્થળને લક્ષ્યાંક બનાવ્યું હોઈ શકે છે. સત્તાવાર આંકડા મુજબ ડ્રોનોની સંખ્યાના આધારે આ હુમલો આ વર્ષનો ત્રીજા નંબરનો સૌથી મોટો હવાઈ હુમલો હતો. જ્યારે મિસાઈલોની સંખ્યાના આધારે આઠમા નંબરનો સૌથી મોટો હવાઈ હુમલો હતો. આ પહેલા જુનમાં યુક્રેનની સ્પેશ્યલ ફોર્સે રશિયા પર કરેલા હવાઈ હુમલામાં તેના એરબેઝને લક્ષ્યાંક બનાવ્યા હતા. તેમા તેણે એરબેઝ પરના ૪૧ રશિયન બોમ્બર ખતમ કરી નાખ્યા હતા. આ હુમલામા ૩૦ ટકાથી વધારે બોમ્બરોનો કાફલા અને રાડાર સિસ્ટમને નુકસાન પહોંચ્યું હતું. આ હુમલો યુક્રેને રશિયાની તે કાર્યવાહીના જવાબમાં કર્યો હતો જેમા રશિયાએ કુલ ૪૭૭ ડ્રોન વડે હુમલો કરી યુક્રેનને હચમચાવી દીધું હતું.

### અમેરિકાએ એકવાર ફરી ભારતને રશિયા-યુક્રેન યુદ્ધને લઈને કઠઘરમાં આવી ગયા

**ટ્રમ્પ વહીવટી તંત્રએ ગુરૂવારે કહ્યું કે, ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદવાના કારણે યુદ્ધ વધુ લાંબુ ખેંચાઈ રહ્યું છે । આ સાથે વ્હાઇટ હાઉસે એ વાતનું પુનરાવર્તન કર્યું કે, બમણા ટેરિફ અને કડક પ્રતિબંધ લગાવવામાં આવે**

## ભારતને રશિયાના ઓઈલની જરૂર છે એ ફાલતુ વાત...’ ચીન મુદ્દે ‘ચૂપ’ અમેરિકાની ફરી ધમકી

। નવી દિલ્હી, તા.૨૨ ।

અમેરિકાએ એકવાર ફરી ભારતને રશિયા-યુક્રેન યુદ્ધને લઈને કઠઘરમાં આવી ગયા છે. ટ્રમ્પ વહીવટી તંત્રએ ગુરૂવારે કહ્યું કે, ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાના કારણે યુદ્ધ વધુ લાંબુ ખેંચાઈ રહ્યું છે. આ સાથે વ્હાઈટ હાઉસે એ વાતનું પુનરાવર્તન કર્યું કે, બમણા ટેરિફ અને કડક પ્રતિબંધ લગાવવામાં આવે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નવારોએ પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે, શાંતિનો રસ્તો ભારત થઈને જાય છે. જોકે, તેમના આ તર્કને અમેરિકન મીડિયાએ નકારી દીધો હતો. તેમના આ જ તર્ક પર ચીનને લઈને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.પીટર નવારોએ કહ્યું કે એ ફાલતુની વાત છે કે ભારતને રશિયાના ઓઈલની જરૂર છે. ભારતની રિફાઈનરીઓ નફાખોરી કરી રહી છે. તેમણે ચેતવણી ઉચ્ચારી કે ડોનાલ્ડ ટ્રમ્પ મોસ્કો પાસેથી ઓઈલ ખરીદવાની સજા તરીકે ભારત પર બમણો ટેરિફ ઝીંકવાની ૨૭ ઓગસ્ટ સુધીની ડેડલાઈનને આગળ નહીં વધારે. હવે ફક્ત ૬ દિવસ બાકી છે. એવું લાગે છે કે યુક્રેનમાં જે લોહિયાળ સંઘર્ષ થઈ રહ્યો છે તેમાં ભારત તેની ભૂમિકાને સ્વીકારવા



તૈયાર નથી. ભારતની જિનપિંગ સાથે મિત્રતા વધી રહી છે. નવારોએ કહ્યું કે, ‘શાંતિનો રસ્તો ભારત થઈને જાય છે. હું ભારતને પ્રેમ કરૂ છું, મોદી એક મહાન નેતા છે. પરંતુ, ભારતે જોવું જોઈએ કે, આ તે વૈશ્વિક અર્થતંત્રમાં શું કરી રહ્યું છે. આ યુદ્ધને રોકવાની બદલે વધારવામાં આવી રહ્યું છે.’આ વિશે વધુ વાત કરતા નવારોએ કહ્યું કે, ‘ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી તેને રિફાઈન કરે છે અને તેમાંથી નફો કમાય છે. રશિયાને મળતા પૈસામાંથી હથિયાર બને છે અને તે યુક્રેનના લોકોની હત્યા કરે છે. પરિણામે, અમેરિકન કરદાતાને વધુ સૈન્ય સહાય આપવી પડે છે. આ ગાંડપણ છે, પરંતુ પ્રમુખ ટ્રમ્પે તેને સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.’ નવારોનો આરોપ છે કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે અમેરિકન ગ્રાહકોના પૈસાનો ઉપયોગ કરી રહ્યું છે. તેમણે તેને “રિફાઈનિંગ પ્રોફિટિયરિંગ સ્કીમ“ ગણાવી.અમેરિકન મીડિયા અને નિષ્ણાંતોએ વ્હાઈટ હાઉસના આ તર્ક પર પ્રશ્ન કર્યા. વિશ્લેકો અને નિષ્ણાંતોનું કહેવું છે કે, અમેરિકા ચીનની મોટા પાયે કરવામાં આવતી ક્રૂડ ઓઈલની ખરીદી પર ચૂપ છે. જોકે, ચીન રશિયા પાસેથી ભારત કરતા અનેકગણું વધારે ક્રૂડ ઓઈલ ખરીદે છે. ટીકાકારોએ એ પણ યાદ અપાવ્યું કે, પહેલા અમેરિકાએ જ વૈશ્વિક ક્રૂડની કિંમતોને સંતુલિત રાખવા માટે ભારતને રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવાની મંજૂરી આપી હતી.

### આગામી દિવસોમાં યુપીમાં ફેરબદલની અટકળો ચાલી રહી છે

# ગુજરાત રાજ્યમાં લાંબા સમયથી રાહ જોવાતી મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ ટૂંક સમયમાં થઈ શકે તેવી શક્યતા

**ગુજરાતના મંત્રીમંડળમાં કુલ ૧૬ મંત્રીઓ છે । જેમાં ૮ મંત્રીમંડળ, બે સ્વતંત્ર હવાલો અને ૬ રાજ્યમંત્રીઓનો સમાવેશ થાય છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ છત્તીસગઢ અને ગોવામાં મંત્રીમંડળમાં ફેરફારને મંજૂરી આપ્યા બાદ, આગામી દિવસોમાં યુપીમાં ફેરબદલની અટકળો ચાલી રહી છે. એવી ચર્ચા છે કે ગુજરાતમાં લાંબા સમયથી રાહ જોવાતી મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ ટૂંક સમયમાં થઈ શકે છે. પીએમ મોદીની મુલાકાતને ઘણી રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.છત્તીસગઢ પછી, ઉત્તર પ્રદેશના મંત્રીમંડળમાં ફેરબદલની સાથે ગોવામાં પણ મુખ્યમંત્રી પ્રમોદ સાવંતના મંત્રીમંડળમાં ફેરબદલ માટે લીલી ઝંડી મળવાની ચર્ચા છે. બે રાજ્યોમાં થયેલા ફેરફારો પછી, પીએમ નરેન્દ્ર મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાં પણ ફેરબદલની શક્યતા વધી ગઈ છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે ૨૫-૨૬ ઓગસ્ટના રોજ પીએમ મોદીની મુલાકાત પછી ચિત્ર સ્પષ્ટ થઈ શકે છે. પીએમ નરેન્દ્ર મોદી આગામી અઠવાડિયે અમદાવાદ આવી રહ્યા છે અને અમદાવાદના નિકોલમાં એકસાથે અનેક ભેટો આપી રહ્યા છે. તેમની મુલાકાતની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ના લાભાર્થીઓને ઘરોની ચાવીઓ સોંપશે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે લાંબા સમયથી મંત્રી બનવાની આશા રાખતા ધારાસભ્યોની રાહ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે.૨૦૨૨ની ચૂંટણીમાં જોરદાર વાપસી કર્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૨ ડિસેમ્બરે ફરીથી શપથ લીધા હતા. ત્યારબાદ તેમની બીજી ટીમમાં ત્રણ પાટીદારો અને ૬ નવા ચહેરાઓને સ્થાન મળ્યું. ત્યારથી ગુજરાતના મંત્રીમંડળમાં કોઈ ફેરબદલ થયો નથી. ભૂપેન્દ્ર પટેલના વર્તમાન મંત્રીમંડળમાં ત્રણ પાટીદાર, સાત ઓબીસી, બે અનુસૂચિત જાતિ અને બ્રાહ્મણ, જૈન, રાજપૂત સમુદાયના એક-એક મંત્રી છે. ગુજરાતના મંત્રીમંડળમાં કુલ ૧૬ મંત્રીઓ છે. જેમાં ૮ મંત્રીમંડળ, બે સ્વતંત્ર હવાલો અને ૬ રાજ્યમંત્રીઓનો સમાવેશ થાય છે.

### રાજ્યોમાં મંત્રીમંડળમાં ફેરફારને લીલી ઝંડી આપી




રાજકીય નિરીક્ષકો કહે છે કે ભાજપના ટોચના નેતૃત્વએ જે રીતે અન્ય રાજ્યોમાં મંત્રીમંડળમાં ફેરફારને લીલી ઝંડી આપી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ મંત્રીમંડળમાં નવા સમીકરણો સ્થાપિત કરી શકે છે તેવી આશા જાગી છે.૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપે ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો જીતી હતી, પરંતુ હવે આ સંખ્યા ૧૬૨ પર પહોંચી ગઈ છે. ભાજપના પાંચ ધારાસભ્યો વધ્યા છે. આમાંથી પાંચ કોંગ્રેસના નેતાઓ છે જે હવે ભાજપના પ્રતીક પર ફરીથી ધારાસભ્ય બન્યા છે. એવી ચર્ચા છે કે તેમાંથી બેને મંત્રી બનાવી શકાય છે.

### મુન્દ્રા કોર્ટનો નિર્ણય

# જીકેએન કેમિકલના એમડી સીનિવાસન નારાયણ સ્વામીની જામીન અરજી ફગાવાઈ

**ગયા અઠવાડિયે કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓએ અંદાજિત ૨,૩૫૯ મેટ્રિક ટન ડીઝલનો જથ્થો પકડી પાડ્યો હતો । મામલે મોટી કાર્યવાહી હાથ ધરાઈ**

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૨ ।

કચ્છના મુન્દ્રામાં થયેલા એક મોટા કૌભાંડ મામલે કોર્ટએ કડક વાતાવરણ ઊભું કર્યું છે.જીકેએન કેમિકલ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર સીનિવાસન નારાયણ સ્વામીની જામીન અરજી મુન્દ્રા કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે.ગયા અઠવાડિયે કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓએ અંદાજિત ૨,૩૫૯ મેટ્રિક ટન ડીઝલનો જથ્થો પકડી પાડ્યો હતો, જે મામલે મોટી કાર્યવાહી હાથ ધરાઈ છે. આ જથ્થો ગેરકાયદેસર રીતે લાવવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.અધિકારીઓના જણાવ્યા મુજબ, આટલો મોટો જથ્થો કાનૂની મંજૂરી વિના જપ્ત થવો એ ગંભીર ગુનો છે અને દેશની ઈકોનોમી સાથે સીધો સંબંધ ધરાવે છે. કોર્ટએ જામીન અરજી નકારી કાઢતાં સ્પષ્ટ કર્યું કે આ પ્રકારના કેસોમાં છૂટ આપવાથી કાયદાના દુરુપયોગની શક્યતા વધી શકે છે.સીનિવાસન નારાયણ સ્વામી સામે કડક પૂછપરછ ચાલી રહી છે. તપાસ એજન્સીઓએ આ કેસને આંતરરાષ્ટ્રીય ગેરકાયદેસર તેલ વેપાર સાથે જોડવાનો પ્રયાસ પણ શરૂ કર્યો છે. પ્રાથમિક અહેવાલ મુજબ, આ ડીઝલનો જથ્થો ગેરરીતિથી આયાત કરવામાં આવ્યો હતો અને તેનો ઉપયોગ કઈ દિશામાં થવાનો હતો તે મુદ્દે સવાલો ઊભા થયા છે.કોર્ટના આ નિર્ણય બાદ સમગ્ર ઉદ્યોગ જગતમાં ચર્ચા મચી ગઈ છે. કાયદાકીય નિષ્ણાતોનું કહેવું છે કે આ કેસથી એક કડક સંદેશો આપવામાં આવ્યો છે કે ગેરકાયદેસર વેપારમાં સંકળાયેલા કોઈને પણ રાહત નહીં મળે.સુરક્ષા એજન્સીઓ હવે આ કેસને વધુ ઊંડાણથી તપાસી રહી છે જેથી પાછળ રહેલા નેટવર્ક અને તેના અન્ય ભાગીદારો સુધી પહોંચી શકાય. આ મામલો માત્ર એક કંપની સુધી મર્યાદિત નથી પરંતુ દેશમાં ફ્યુઅલ સ્મગલિંગના મોટા રેકેટનો પરિચય કરાવે છે. કચ્છના મુન્દ્રામાં થયેલા એક મોટા કૌભાંડ મામલે કોર્ટએ કડક વાતાવરણ ઊભું કર્યું છે.

### ઓનલાઈન રજિસ્ટ્રી કરવા મિલકતધારકો-ખરીદદારે દસ્તાવેજો અપલોડ કરવા પડશે

# મિલકતોના ખરીદ - વેચાણના રજિસ્ટ્રીની પ્રક્રિયા ટૂંકમાં ઓનલાઈન શરૂ કરાશે

**રાજ્યના મહેસૂલ વિભાગે શરૂ કરેલી હિલચાલ, શરૂઆતના તબક્કા વૈકલ્પિક પછી ફરજિયાત કરાવાશે । સમય સાથે અન્ય અનેક પરેશાનીઓનો સામનો કરવો પડે છે**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૨ ।

રાજ્યમાં હાલ જમીન-મિલકતની ખરીદી કે વેચાણ બાદ સૌથી મહત્ત્વની બાબત તે, પ્રોપર્ટીની રજિસ્ટ્રી છે. આ કામ માટે બંને પાર્ટીઓએ રજિસ્ટ્રી કરાવવા માટે સબ રજિસ્ટ્રારની ઓફિસે રૂબરૂ જવું પડે છે. જેમાં સમય સાથે અન્ય અનેક પરેશાનીઓનો સામનો કરવો પડે છે. હવે જ્યારે ગુજરાત સરકાર ડિજિટલ ઈન્ડિયાને સથવારે તેની મોટાભાગના વિભાગોની સેવાઓને ઓનલાઈન કરી રહી છે ત્યારે ગુજરાત સરકાર આગામી દિવસોમાં પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન ઓનલાઈન કરવાની દિશામાં આગળ વધી રહી છે. જેના કારણે મિલકત ખરીદનાર કે વેચનાર પોતોના ઘર બેઠાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ માટે તેમને જરૂરી દસ્તાવેજો અને નિયત કરાયેલી ફી ઓનલાઈન જ ભરવી પડી શકે છે. આ બાબત અત્યારે તો વિચારણાને તબક્કે છે, આગામી દિવસોમાં આ અંગેનો નિર્ણય લેવાયા બાદ તેનો સત્તાવાર હુકમ જારી કરાશે.સૂત્રોની માહિતી અનુસાર હાલને તબક્કે આ સિસ્ટમ વૈકલ્પિક રહેશે. જો, તેમાં હકારાત્મક પ્રતિભાવ મળશે તો તેને ફરજિયાત કરાશે. ગુજરાતમાં હાલ ૫૮૨ જેટલી સબ રજિસ્ટ્રાર ઓફિસો છે પરંતુ તેમાં મુશ્કેલી એ છે કે, મોટાભાગની ઓફિસો પ્રમાણમાં નાની છે. પાર્કિંગ સહિતની અન્ય સુવિધાઓની અછત છે. પરિણામ સ્વરૂપ આ ઓફિસોમાં રોજે-રોજ ભારે ભીડ ઉમટે છે. જેમાં મિલકત ખરીદદારો અને બિલ્ડર્સ બંનેને પરેશાની થાય છે. આ કારણે સરકાર ઓનલાઈન રજિસ્ટ્રી સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય ટૂંકમાં જ લાગુ કરાય તેવી સંભાવના નકારી શકાતી નથી.નવા મોડલમાં ખરીદદાર વેચાણ કરનાર અને બિલ્ડર્સે પોતાના દસ્તાવેજ ઓનલાઈન અપલોડ કરવા પડશે. સંબંધિત સબ રજિસ્ટ્રાર ઓફિસ આ ડૉક્યુમેન્ટ્સની તપાસ કરીને મંજૂરી આપશે. આ માટે રજિસ્ટ્રેશન વિભાગ મોટા બિલ્ડર્સ અને ડેવલપર એસોસિએશનને ખાસ સોફ્ટવેર ઉપલબ્ધ કરાવશે. આ સિસ્ટમની શરૂઆત વર્ષના અંત સુધીમાં કરી દેવામાં આવશે એમ મનાય છે.

### ગુજરાતમાં કોંગ્રેસ વોટ ચોરીના મામલે આક્રમક મૂડમાં જોવા મળી હતી

# ‘વોટ ચોરી’ના આરોપ સાથે ગુજરાતમાં કોંગ્રેસનો દેખાવ, “વોટ ચોર, ગાદી છોડ”ના નારા લગાવ્યા

**સુરતમાં રાજકારણીઓ અને પાટીદાર અનામત આંદોલન માટે એપી સેન્ટર એવા વરાછા રોડ મીની બજારમાં કોંગ્રેસે વોટ ચોરી મુદ્દે દેખાવ કર્યો હતો. જ્યારે પંચમહાલ અને ગોધરાના સરદાર નગર ખંડ નજીક ‘વોટ ચોર, ગાદી છોડ’ના સૂત્રો સાથે કોંગ્રેસ દેખાવ કર્યો હતો**

। પ્રતિનિધિ, સુરત, તા.૨૨ ।

ગુજરાતમાં કોંગ્રેસ વોટ ચોરીના મામલે આક્રમક મૂડમાં જોવા મળી હતી. ત્યારે આજે (૨૨મી ઓગસ્ટ) સુરતમાં રાજકારણીઓ અને પાટીદાર અનામત આંદોલન માટે એપી સેન્ટર એવા વરાછા રોડ મીની બજારમાં કોંગ્રેસે વોટ ચોરી મુદ્દે દેખાવ કર્યો હતો. જ્યારે પંચમહાલ અને ગોધરાના સરદાર નગર ખંડ નજીક ‘વોટ ચોર, ગાદી છોડ’ના સૂત્રો સાથે કોંગ્રેસ દેખાવ કર્યો હતો. સુરત પાલિકાની ચૂંટણી પહેલા રાજકીય પક્ષોમાં સળવળાટ જોવા મળી રહ્યો છે. અચાનક જ બધા પક્ષના નેતા, કોર્પોરેટરો અને કાર્યકરો સક્રિય થઈ ગયાં છે. અત્યાર સુધી બે ચાર નેતાઓને બાદ કરતા સુસ્ત કોંગ્રેસ પણ સક્રિય થઈ ગઈ છે. સુરત પાલિકાની ચૂંટણી માટે કાઉન્ટ ડાઉન થઈ રહ્યું છે, ત્યારે કોંગ્રેસ અચાનક સક્રિય થઈ ગઈ છે. કોંગ્રેસે જાહેર કરેલા ‘વોટ ચોર, ગાદી છોડ’નો કાર્યક્રમ અંતર્ગત શુક્રવારે સુરતના વરાછા વિસ્તારમાં દેખાવ કર્યો હતો. કોંગ્રેસે દેખાવ કરવા માટે જે સમય આપ્યો હતો તે સમયે ધોધમાર વરસાદ પડ્યો હતો તેમ છતાં કોંગ્રેસીઓ વરસતા વરસાદમાં દેખાવ કરતા નજરે પડ્યાં હતા.




કોંગ્રેસના કાર્યકરોએ દેખાવ માટે પાટીદાર અનામત આંદોલન અને ભાજપ-આપ અને કોંગ્રેસ માટે એપી સેન્ટર બનેલા મીની બજાર સરદાર પ્રતિમા પાસેના માનગઢ ચોકની પસંદગી કરવામાં આવી હતી. પંચમહાલમાં વોટ ચોરી મામલે કોંગ્રેસ દ્વારા દેખાવ કર્યો હતો. ગોધરાના સરદાર નગર ખંડ પાસે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ‘વોટ ચોર, ગાદી છોડ’ના સૂત્રો સાથે દેખાવ કર્યો હતો.

### સેવન્થ ડે સ્કૂલની વધશે મુશ્કેલી?

# સેવન્થ ડે હત્યા કેસમાં સ્કૂલને પણ આરોપી બનાવાશે । કોર્ટની મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ

**સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તપાસ અધિકારીઓનું માનવું છે કે, વિદ્યાર્થીઓ વચ્ચે વારંવાર ઝઘડો થયું હોવાનું સામે આવ્યું હતું અને એવા પણ સંકેત મળ્યા હતા કે, આ ઝઘડો હજુ થઈ શકે**




। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદમાં ચકચારી મચાવનાર સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની હત્યાના કેસમાં એર ચોંકાવનારો વળાંક આવ્યો છે. મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં શાળાને આરોપી બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચે સ્કૂલ મેનેજમેન્ટને સત્તાવાર રીતે આરોપી બનાવવા માટે કોર્ટની મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી છે. હકીકતમાં કેસની તપાસ કરનારા અધિકારીઓને આ કેસમાં મેનેજમેન્ટની ગંભીર બેદરકારી જોવા મળી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તપાસ અધિકારીઓનું માનવું છે કે, વિદ્યાર્થીઓ વચ્ચે વારંવાર ઝઘડો થયું હોવાનું સામે આવ્યું હતું અને એવા પણ સંકેત મળ્યા હતા કે, આ ઝઘડો હજુ થઈ શકે છે. તેમ છતાં શાળા આ અંગે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી હતી. જેના કારણે મહિના પહેલાં શરૂ થયેલા આ વિવાદે છેલ્લે હત્યાનું રૂપ લીધું હતું. તેથી ક્રાઈમ બ્રાન્ચ શાળાને ગંભીર બેદરકારી માટે જવાબદાર ગણવા માટેની કાર્યવાહી કરી રહી છે. અત્યાર સુધી આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે બે સગીરની ધરપકડ કરી છે.જો કોર્ટ દ્વારા આ અંગે મંજૂરી આપવામાં આવે છે, તો શાળાના મેનેજમેન્ટની મુશ્કેલી વધી શકે છે. શાળાએ આ કેસમાં ગંભીર બેદરકારીના આરોપોનો સામનો કરવો પડશે, જે આ હાઈ પ્રોફાઈલ કેસને એક નવો વળાંક આપશે. આ પગલાંથી તપાસ એજન્સીઓ માટે કેમ્પસની અંદર અને બહાર હિંસક ઘટનાઓમાં સંસ્થાઓની જવાબદારીની તપાસ કરવાનો માર્ગ પણ મોકળો બનશે. આ અંગે કોર્ટના નિર્ણય મુજબ આગળવની તપાસને વેગ આપવામાં આવશે. અમદાવાદમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય ૭-૮ વિદ્યાર્થીઓ સાથે મળીને ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર હુમલો કરતા તેને ચપ્પુ મારી દીધું હતું. હકીકતમાં, હુમલો કરનાર વિદ્યાર્થી અને પીડિત વિદ્યાર્થીનો થોડા દિવસ પહેલાં ધક્કામુક્કીના મામલે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવત રાખી આરોપી વિદ્યાર્થીએ સ્કૂલમાંથી છૂટ્યા બાદ ૭-૮ અન્ય વિદ્યાર્થીને ભેગા કરી બદલો લેવા માટે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર ચપ્પાનો વાર કર્યો હતો.

## રેલવે મંત્રાલયનો મોટો નિર્ણય । ભાવનગર-ધોલેરા વચ્ચે ૬૫ કિ.મી. લાંબી નવી રેલવેલાઈન બનશે

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૨ ।

ભાવનગર-ધોલેરા વચ્ચે ૬૫ કિલોમીટર લાંબી રેલવે લાઈનને મંજૂરી મળી છે. આ નિર્ણયથી સરકારના મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ઝડપ આવશે. નોંધનીય છે કે, ભાવનગર-ધોલેરા રેલવે લાઈન સારી કનેક્ટિવિટી, લોજીસ્ટિક ક્ષમતા, આર્થિક વિકાસ માટે અતિ મહત્ત્વપૂર્ણ છે. ભાવનગરમાં મોટુ પોર્ટ આકાર લેવાનું છે. ધોલેરામાં ઈન્ટરનેશનલ કાર્ગો એરપોર્ટ બની રહ્યું છે અને ધોલેરામાં નવા



ઉદ્યોગો આવવાના છે, તેથી ઉદ્યોગોના માલ આયાત-નિકાસ માટે ભાવનગર બંદરની જરૂર પડશે અને તેના માટે રેલવે લાઈન હોવી જરૂરી છે.ધોલેરામાં વિવિધ કંપનીઓની સ્થાપના કરવા સાથે સરકાર દ્વારા ઍરપોર્ટ અને રસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવાયો છે. અમદાવાદથી ધોલેરા વચ્ચે રેલવે લાઈનની કનેક્ટિવિટી ઊભી કરવાના પ્રોજેક્ટ પર કામ શરૂ કરાયું છે. હવે ધોલેરા-ભાવનગર પ્રોજેક્ટને પણ ઝડપી મંજૂરી આપવામાં આવી છે. આ વિસ્તારને રેલવે કનેક્ટિવીટી મળતા ગુડ્સનું ટ્રાન્સપોર્ટેશન સસ્તુ અને ઝડપી થશે.

## રાજકોટના ક્રિસ્ટલ મોલમાં ચોંકાવનારી ઘટના, યુવતી સાથે બે યુવકોની મારપીટનો વીડિયો વાયરલ

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૨૨ ।

રાજકોટ શહેરમાં સ્થિત ક્રિસ્ટલ મોલમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં બે યુવકોએ છુટ્ટા હાથે એક યુવતી સાથે મારપીટ કરી હોવાનો વીડિયો વાયરલ થયો છે. આ ઘટનાએ શહેરમાં ભારે ચકચાર મચાવી છે અને મોલની સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલો ઊભા કર્યા છે.પીડિત યુવતીએ પોતે જ વીડિયો વાયરલ કરી આરોપ મૂક્યો કે મોલ મેનેજમેન્ટે કોઈ પણ પ્રકારનું સહયોગ આપ્યું નથી. યુવતીએ જણાવ્યું કે જ્યારે તેણે ઘટનાનો સીસીટીવી ફૂટેજ માંગ્યો ત્યારે મેનેજમેન્ટે તેને આપવાનો ઈનકાર કર્યો.

### અમિત ખૂંટ કેસમાં પણ ઝટકો

# અનિરુદ્ધ સિંહ જાડેજાની માફી રદ હાઈકોર્ટનો આત્મસમર્પણનો આદેશ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

રીબડાના અનિરૂદ્ધસિંહ જાડેજાને તત્કાલીન ધારાસભ્ય પોપટ સોરઠિયા હત્યા કેસમાં હાઈકોર્ટે એક મહિનામાં જ હાજર થવા માટેનો હુકમ કર્યો છે. આ સિવાય કોર્ટે પોપટ સોરઠિયા હત્યા કેસમાં અનિરૂદ્ધસિંહ જાડેજાને આજીવન કેદમાંથી મુક્તિ આપવાના જેલ અધિક્ષકના હુકમને પણ ફગાવી દીધો છે અને અનિરૂદ્ધસિંહને આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. નોંધનીય છે કે, ગોંડલની



સંગ્રામ સિંહજી હાઈસ્કૂલમાં ૧૫ ઓગસ્ટ, ૧૯૮૮ના દિવસે ધ્વજ વંદન કાર્યક્રમમાં તત્કાલિન ધારાસભ્ય પોપટ સોરઠિયાને અનિરૂદ્ધસિંહ જાડેજા દ્વારા ગોળી મારી હત્યા કરી દેવાઈ હતી. આ કેસમાં ટાડા એક્ટ હેઠળ અનિરૂદ્ધસિંહ જાડેજાને આજીવન કેદની સજા સંભળાવાઈ હતી. જો કે, ૨૦૧૮માં તેને માફી આપીને મુક્ત કરવામાં આવ્યો હતો. જોકે, બાદમાં મૃતકના દીકરા હરેશ સોરઠિયાએ આ સજા માફી રદ કરવા કોર્ટમાં અરજી કરી હતી. હવે હાઈકોર્ટે અનિરૂદ્ધસિંહની આ સજા માફી રદ કરી દીધી છે. નોંધનીય છે કે, અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં પણ ગોંડલ કોર્ટે ૧૯ ઓગસ્ટે અનિરૂદ્ધ સિંહ જાડેજાની આગોતરા જામીન અરજી નામંજૂર કરી દીધી હતી.

**ખભા, બગલ, પેટ અને પેઢાના ભાગે ચપ્પાના ઘા માર્યા**

# અમદાવાદ બાદ મહીસાગરમાં વિદ્યાર્થી ઉપર જીવલેણ હુમલો

। પ્રતિનિધિ, મહીસાગર,તા.૨૨ ।

મહીસાગર જિલ્લાના બાલાસિનોર નગરમાં આવેલી તળાવ દરવાજા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ એકબીજા પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર ચપ્પુ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે. શાળા છૂટ્યા બાદ આ ઘટના બની હતી, જેમાં ૮મા ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ તેના જ સહપાઠીને ચપ્પુના ઘા માર્યા હતા. સદનસીબે, અમદાવાદ જેવી મોટી દુર્ઘટના થતાં રહી ગઈ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.ઈજાગ્રસ્ત બાળકના પિતાએ જણાવ્યું કે, “શાળામાં બાળકો વચ્ચે સામાન્ય ઝઘડો થયો હતો. આ ઝઘડામાં બીજા બાળકે મારા બાળકને છરી મારી.” તેમણે વધુમાં જણાવ્યું કે, “મારા બાળકને ડાબા ખભાથી નીચે સુધી પાંચ જેટલા ઘા મારવામાં આવ્યા છે.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt



પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya